# ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમો

Centre For Development



# ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમો

સંપાદન
**ઈમરાન ભોંહરીયા**

પ્રકાશક

CfD
**Centre For Development**

**ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમો**

સંપાદન :
**ઈમરાન ભોંહરીયા**

નકલ :
૧૫૦૦

હેતુ :
લોકજાગૃતિ હેતુ

મૂલ્ય :
વિના મૂલ્ય

પ્રકાશક :
**સેન્ટર ફોર ડેવલપમેન્ટ**
બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ, કામા હોટલની બાજુમાં,
ખાનપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

પ્રિન્ટર્સ :
**સત્યમ્ પ્રિન્ટ**
મોબાઈલ : ૯૮૨૪૬ ૮૩૭૦૬

## ■ પ્રસ્તાવના

ઈ.સ. ની છઠ્ઠી સદીમાં ભારતમાં મુસ્લિમો વેપાર માટે આવ્યા ત્યારથી તેમણે ભારત દેશમાં રહી પ્રગતિ માટે તેમના દ્વારા શક્ય એવા દરેક પ્રયત્નો કર્યાં છે. ત્યાર પછી ઘણાં બધા દેશોમાંથી અલગ અલગ પ્રજાતિના મુસ્લિમો અને બિન મુસ્લિમો ભારતમાં આવ્યા; કોઈ સામાન્ય મુસાફર તરીકે તો કોઇ વેપારી તરીકે, તો કોઇ શાસક તરીકે. મુસલમાનો ભારતમાં આવ્યાં અને અહીંની સંસ્કૃતિ, રીતિ રિવાજો અને પરાંપરાઓ અપનાવી લીધાં. ખાસ કરીને જે શાસક મુસ્લિમો આવ્યા તેમણે ભારતના મજબૂતીકરણનો પાયો નાંખ્યો. નવા નિયમો અને નીતિઓ તથા વ્યવસ્થાઓ શરૂ કરી. મુખ્યત્વે તે તમામ દરેક ધર્મ, વર્ણ, જાતિ માટે સમાન હતી. તેમણે જે મેળવ્યું તે અહીં ભારતની ધરતીમાં પાછું મુક્યું.

બ્રિટન અને બીજા ખ્રિસ્તી દેશોમાંથી જે લોકો આવ્યાં તેમનો મુખ્ય આશય વેપારનો હતો પરંતુ અંગ્રેજોનો વિચાર પહેલેથી જ ભારતની સમૃદ્ધ ભૂમિ ઉપર રાજ કરવાનો હતો, અંગ્રેજો તે સમયમાં દુનિયાના ૭૫% ભૂમિપ્રદેશ ઉપર કબ્જો ધરાવતા હતા. અંગ્રેજોએ પોતાના મૂળીયાં ભારતમાં મજબૂત બનાવવા તમામ પ્રકારની રાજનીતિ અને ચાલાકીનો છુટથી ઉપયોગ કર્યો જેમાં સૌથી ખતરનાક ચાલ ભાગલા પાડો અને રાજ કરોની હતી.

આઝાદીની લડાઇ જે મહાત્માં ગાંધીના નેતૃત્વમાં અહિંસાના મૂલ્યો સાથે ઝડપથી આગળ વધી તેની સામે ટકવું અંગ્રેજોને અઘરૂં લાગ્યું અને તેમણે ભારત છોડવાનો નિર્ણય લીધો. આ નિર્ણયની સાથે સાથે તેમણે ભારતના બે ભાગ કરવાનો પણ નિર્ણય લીધો જે આ દેશની શાંતિ, એકતા અને વિવિધતા ઉપર અંતિમ વજાઘાત હતો. આ તકનો ઉપયોગ કરીને તેમણે ભારત અને નવા રચાયેલ પાકિસ્તાન દેશમાં

કોમી તનાવો અને હિંસાઓ કરાવી જેમાં અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાયો. જેમની સાથે અમુક અસામાજીક તત્વો ભારત અને નવા બનેલા પાકિસ્તાન તરફથી પણ જોડાયેલા હતા જે પોતે સત્તાના લાલચુ હતા.

આ સમગ્ર રાજનિતીમાં એક બાબત કાયમ માટે ઘર કરી ગઈ અને તે છે, હિંદુ અને મુસ્લિમો વચ્ચેનું વૈમનસ્ય. જે જયારે જરૂર પડે ત્યારે ઉપયોગમાં લઇ શકાય તેવું સાધન બની ગઈ. આ વૈમનસ્યને જીવિત રાખવા માટે તથા વધારે તેજ અને ઊંડી કરવા માટે ઘણી બધી ખોટી વાતો અને ષડ્યંત્રોનો સહારો લેવામાં આવ્યો. જેમાં એક મુદ્દો એ પણ હતો કે ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમોનો ફાળો ક્યાંય નથી. આ મુદ્દાને વધારે દ્રઢ બનાવવા માટે આઝાદીને આલેખતા સાહિત્યમાંથી મુસ્લિમોનો ફાળો કે તેને લગતા વિવિધ પ્રકરણો અને બનાવોને ધીરે ધીરે દૂર કરવામાં આવ્યાં અને હજુયે પણ આવા પ્રયત્નો શરૂ છે, અને એવું ચિત્ર ઉભું કરવાના પ્રયત્નો થયા કે મુસ્લિમોએ આઝાદીની લડતમાં કોઈ પણ પ્રકારનો ભાગ લીધેલ નથી કે ફાળો આપ્યો નથી. આપણી નવી પેઢીમાં આ બાબત પ્રત્યે અસમંજસ છે તે સાચી વાત છે. કેમકે તેમણે સાચો ઈતિહાસ વાંચ્યો જ નથી. આધુનિક સમાજના ભાગલાવાદી તત્વો આ રમત ખૂબ સિફતપૂર્વક વર્ષોની સઘન મહેનત અને પૂર્ણ ધ્યેય સાથે રમ્યાં છે. તેથી સમાજના એક સભ્ય તરીકે એવી લાગણી થાય કે મુસલમાનોની આઝાદી માટેની લડત, તેમનો ત્યાગ અને તેમની દેશ પ્રત્યેની નિષ્ઠા નવી પેઢી સમક્ષ ફરીથી મુકવાની જરૂર છે. આ વિચાર સાથે આ પુસ્તકનું નિર્માણ થયું છે.

**- રફી મલેક**

# આભારવિધિ

આ પુસ્તકને આખરી સ્વરૂપ આપવામાં શ્રી હિદાયતભાઈ પરમાર અને પૂર્વ એશોસીયેશન પ્રોફેસર શ્રી જી.ડી. મોદી સાહેબ (કૉલેજ ઓફ આર્ટ્સ-પાલનપુર) ના અમે આભારી છે. સાથોસાથ પુસ્તકમાં સમયાંતરે ફેરફાર અને વિગતો ઉમેરી આ વિગતોને પુસ્તક સ્વરૂપ આપવા બદલ સત્યમ્ પ્રિન્ટના સચીનભાઈનો આભાર માનવો રહ્યો.

## પુસ્તક પરિચય




પ્રસ્તુત પુસ્તકમાં **'ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમો'** ભારત દેશને આઝાદી અપાવવામાં મુસ્લિમોનું કેટલુ મહત્વનું યોગદાન છે તે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

તો ચાલો મિત્રો જેમણે ભારત દેશની આઝાદી માટે તેમનાથી બનતા પ્રયત્નો કર્યા, ફાંસી એ લટક્યા, ગોળીઓથી વિંધાયા, જેલવાસ ભોગવ્યા એવા મુસ્લિમ ક્રાંતિકારીઓ અને આગેવાનો વિશે માહિતગાર થઈએ કે જે આજે ઈતિહાસમાં હાંસિયામાં ધકેલાઈ ગયા છે.

ફોટામાં દર્શાવિલ પુસ્તકનો સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ (અહીં નોંધવા જેવી બાબત એ છે કે ફડકે સાહેબ અને લલિતકુમાર બન્ને હિંદુ સમાજ સાથે જોડાએલા છે.) જેમના દ્વારા મરાઠી ભાષામાં લખેલ પુસ્તકનો સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગથી માહિતી એકત્રિત કરી તેમજ અન્ય નવીન માહિતીઓ રજૂ કરવામાં આવી છે. અહિ એક વાત સ્પષ્ટ છે કે આ પ્રયત્ન દ્વારા મુસલમાનોની કોઈ તરફેણ નથી પરંતુ ભારત દેશ અને તેની વિવિધતા ધરાવતા સમાજના લોકો માટે મુસલમાન સમાજના લોકોએ ભારતની આઝાદી અને સુખાકારી માટે કેવા પ્રયત્નો કરેલા છે તેની સાચી માહિતી રજૂ કરવામાં આવી છે. આપણે સૌ એવા મુસલાન લડવૈયાઓ વિશે માહિતગાર થઈશું જેમણે ભારત દેશને આઝાદ કરાવવા માટે તેમના પ્રાણોના બલિદાન આપ્યા કે અન્ય કોઈ રીતે તેમનું યોગદાન આપ્યું છે.

છતા પણ આજે મુસલમાન સમાજના લોકો કે ધર્મ માટેની ખોટી માન્યતાઓ કે જે સમાજમાં રૂઢ થતી જાય છે. આ ખોટી માન્યતાઓને અટકાવવી ખુબ જરૂરી થઈ પડ્યું છે જે માટે અહીં રજૂ કરવામાં આવેલ માહિતી ઉપયોગી સાબિત થશે જ.

# પુસ્તક લખવા માટેની પ્રેરણા

ભારત દેશની આઝાદી માટે મુસ્લિમોના અભૂતપૂર્વ યોગદાનને પુસ્તક રૂપે કંડારવામાં મુસ્લિમ લેખકો કરતા વિશેષ હિંદુ લેખકોએ તેમની બિનસાંપ્રદાયિકતા દાખવી છે. તેવી જ રીતે આ પુસ્તક લખવા માટે પણ મારા પ્રેરણા સ્ત્રોત મીરા મલેક બન્યા છે. મીરાબેન દ્વારા મને ડૉ.ય.દી. ફળકેનું પુસ્તક વાંચવા માટે આપવામાં આવેલ અને તેમણે કહેલું કે ‘‘આ પુસ્તક વાંચો જેમાં આપણાં દેશની આઝાદીની ચળવળમાં મુસ્લિમ ક્રાંતિકારીઓનું યોગદાન શું હતુ તે જાણવા મળશે.’’ ત્યારબાદ પુસ્તક વાંચીને એવું વિચાર્યું કે, આ પુસ્તક ઉપરાંત ઇન્ટરનેટના માધ્યમથી જે સચોટ માહિતી મળે તેની એક પુસ્તિકા તૈયાર કરવામાં આવે જેથી દેશની આઝાદીમાં યોગદાન આપનારા મુસ્લિમોના એવા ઇતિહાસ પર પ્રકાશ ફેંકી શકાય કે જે સમય જતા અંધકારમય પડદા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત વોટ્સએપના માધ્યમથી મુસ્લિમ ફ્રીડમ ફાઈટર્સ નામની એક એપ્લીકેશનની લીંક મળી આવેલ હતી જેમાં સારી એવી માહિતી હતી. ઉપરોક્ત બન્ને કારણો થકી મને આ પુસ્તિકા તૈયાર કરવા માટે પ્રેરણા મળી જેમાં રફી મલેક દ્વારા વખતો વખત માર્ગદર્શન મળતું રહેલ. તેઓ પણ વોટ્સએપ કે ફેસબુકમાં આવતા મુસ્લિમ ક્રાંતિકારીઓના જીવન ચરિત્રો મોકલી આપતા.

**ઈમરાન ભોંહરીયા**

## ભારત દેશની સ્વતંત્રતા મેળવવા માટે મુસ્લિમોનો ફાળો

૧૭ મી સદીમાં ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાની એક પ્રબળ ઈચ્છા ઘણાં ખરા ભારતીય (મુસ્લિમ અને હિંદુ બન્ને) રાજાઓમાં હતી જેમાં હૈદર અલી અને તેમના દીકરો ટીપુ સુલ્તાનનું નામ એક મુસ્લિમ રાજા તરીકે પ્રખ્યાત છે. ભારતના મોટા રજવાડાઓને એક કરીને અંગ્રેજોને ભારતમાંથી ખદેડવા માટે પ્રયત્નોની શરૂઆત હૈદરઅલી અને ટીપુ સુલ્તાન દ્વારા વેગવાન બની ત્યારે સામા પક્ષે નિઝામ અને મરાઠાઓએ અંગ્રેજો સાથે મિત્રતા કરી ત્યારબાદ આવી મસમોટી સેના સામે લડતા ઈ.સ. ૧૭૯૯માં ટીપુ સુલ્તાન યુધ્ધમાં શહીદ બન્યા. અંગ્રેજોના કટ્ટર દુશ્મન હોવા છતા અંગ્રેજોએ ટીપુ વિશે ધર્માંધ કે કટ્ટર મુસલમાન જેવા શબ્દોનો પ્રયોગ કર્યો ન હતો જ્યારે આજે ઈતિહાસમાં અકલ્પનિય ચેડાં કરીને ગણ્યાં ગાંઠયા લોકો ટીપુનું પાત્ર ખરાબ કરવા મથામણ કરી રહ્યાં છે. કારણ માત્ર એ જ હોઈ શકે કે ટીપુ એક ભારતીય મુસલમાન હતા. આજ સદીમાં વર્ષ ૧૭૫૭ માં નવાબ અને અંગ્રેજો વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયું અને ૧૭૬૪માં ફરી નવાબ અને અગ્રેજો વચ્ચે બક્સરનું યુધ્ધ લડવામાં આવ્યું. ભારતમાંથી અંગ્રેજોને ખદેડવા માટે મુસ્લિમ શાસકોએ હાકલ કરી અને આગેવાની લીધી છે તે એક દૂધ જેવું સફેદ સત્ય છે. જેમાં નવાબ સીરાજ ઉદ્દ દૌલાની આગેવાની પ્રશંસનીય છે પરંતુ જેમ ઘરફોડે ઘર જાય એ કહેવતને ઉજાગર કરનાર મીર જાફર અને રાય દુર્લભના પક્ષપલટાને કારણે નવાબ સીરાજ ઉદ્દ દૌલાનો પરાજય થયો. ૧૭મી સદીથી લઈને ભારત આઝાદ થયું ત્યાં સુધી અનેક મુસ્લિમોએ ભારતની આઝાદી માટે સ્વતંત્ર રીતે અથવા કોંગ્રેસ, સમાજવાદી પક્ષ કે કોમ્યુનિસ્ટ પક્ષમાં સામેલ થઈને આગેવાનીઓ લીધી, ગોળીએ વીંધાયા, જેલવાસ કર્યાં, ફાંસીના માંચડે ચડ્યા. પરંતુ મુઠ્ઠીભર ભાગલાવાદી નેતાઓના કારણે ભારતમાંથી પાકિસ્તાન અલગ થયું જેના કારણે ઉપરોક્ત સમગ્ર મુસ્લિમ આગેવાનો, મુસ્લિમ શૂરવીર-શહિદો કે મુસ્લિમ ક્રાંતિકારીઓની કે સામાન્ય મુસ્લિમોની ઉપેક્ષા કરવી કે તેમને વિસરાવી દેવા એ એક મોટી ભૂલ છે, ઉપરાંત સમગ્ર મુસ્લિમ સમાજને ઉપેક્ષિત નજરે જોવો તે એક અમાનવીય વ્યવહાર છે. ભારતના કેટલાક કોમવાદી લોકોને અહીંના મુસ્લિમો વિશે કે તેમની વફાદારી વિશે શંકા રહી છે અને કેટલાક સંગઠનો દ્વારા આ શંકાને હકીકતમાં

ફેરવવા માટેના પ્રયત્નો આજે પણ ચાલુ જ છે. ભારત દેશને આઝાદ થયે આજે ૭૦ વર્ષ થવા આવ્યા છે. આ સમયગાળામાં ધર્મનિરપેક્ષ રાષ્ટ્રવાદને જીવનમાં ઉતારવાને બદલે ધર્મના નામે તિરસ્કાર ફેલાવનાર આગેવાનો, રાજકારણીઓનો પ્રભાવ વધતો જોવા મળે છે. રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભક્તિનું સ્થાન હવે કાળમુખા રાષ્ટ્રવાદે લઈ લીધું છે. છતા મુસલમાનો વિનાના ભારતની કલ્પના કરવી એ અકલ્પનીય છે.

અહીં આપેલ કેટલીક સામુહિક લડતો વિશે જાણીએ કે જેમાં મુસ્લિમોએ સામૂહિક રીતે એક મોટા જૂથમાં અંગ્રેજો સામે લડતાં ભારત દેશ માટે પોતાના જીવ આપ્યા.

(૧) **બેલ્લારી ટ્રેન ટ્રેજેડી** (https://en.wikipedia.rog/wiki/Wagon_tragedy )

વેગન ટ્રેજેડી જેમાં ૨૦ નવેમ્બર ૧૯૨૧ના રોજ ભારતના કેરળ રાજ્યના માલાબાર વિસ્તારમાં ૬૭ કેદીઓના મૃત્યુ થયા હતા. બ્રિટિશ વસાહતી શાસન અને હિન્દુ મકાનમાલિક સામેના મપ્પીલા બળવા પછીના કેદીઓને કસ્ટડીમાં લઇ જવામાં આવ્યા હતા. દેખીતી બેદરકારીથી તેમના મૃત્યુએ બ્રિટિશ રાજને પડકાર્યું હતું અને ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે સહાનુભૂતિ પેદા કરી હતી. ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં વધુ મુસ્લિમ સમર્થનને આકર્ષવા માટે મહાત્મા ગાંધી અને ભારતના રાષ્ટ્રીય નેતાઓએ શરૂઆતમાં ખિલાફત ચળવળને ટેકો આપ્યો હતો અને પ્રસિદ્ધ અસહકારી ચળવળમાં તેનું જોડાણ કર્યું હતું. આ પહેલી વખત પાન-ભારતીય ચળવળ માટે લગભગ એક ધ્વજ હેઠળ ભારતીયોના લગભગ તમામ વિભાગોને લાવવામાં સફળ રહ્યા હતા. દક્ષિણ માલાબાર જીલ્લાએ આ ચળવળને એક મહાન આત્મામાં આવકાર આપ્યો. જો કે, એરાનાડ અને વાલુવાનેડ તાલુકાઓમાં મુસ્લિમ મપ્પીલા સમુદાય દ્વારા સશસ્ત્ર બળવાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. મોટાભાગે (મપ્પીલા) ભાડૂતોનો ઉપયોગ બ્રિટીશ અને તેના સમર્થકોના ઊંચા હિન્દુ જાતિના મકાનમાલિકો દ્વારા કરવામાં આવતો હતો. પોલીસ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણોમાં પરાકાષ્ઠા પછીની ઘટનાઓની શ્રેણી બાદ વિરોધીઓ, લશ્કરી કાયદો રજૂ કરવામાં આવ્યો હતો અને બળવો મોટે ભાગે કચડી નાંખવામાં આવ્યો હતો.

૧૦ નવેમ્બર, ૧૯૨૧ ના રોજ જ્યારે બળવો તેના અંતની નજીક હતો ત્યારે તિરુરથી ટ્રેન દ્વારા કોઈમ્બતુર જિલ્લાની નજીક (પોડનાર) સેન્ટ્રલ જેલમાં લગભગ ૯૦ અટકાયત કરાયેલા મુસ્લિમ ચળવળકારોને મોકલવામાં આવ્યા હતા. તેઓને માલ સામાન લાવવા લઇ જવાના વૅગનમાં બંધક કરવામાં આવ્યા હતા. પોથમઆર જેલમાં મહત્તમ ક્ષમતાથી કેદીઓને રાખી શકાતા હતા, તેથી કેદીઓને પાછા લેવા માટે ઓર્ડર આપવામાં આવ્યા હતા. પાછા ફરતી વખતની મુસાફરી દરમિયાન, '૯૦ થી ૯૦ ચળવળકારો બંધ લોખંડનાં ડબ્બામાં મૃત્યુ પામ્યા હતા. ઈતિહાસકાર સુમિત સરકારે આ ઘટનાને ''પોડનાર બ્લેક હોલ'' તરીકે ઓળખાવી. આ કુખ્યાત દુર્ઘટનાનું સ્મારક તિરુરમાં જોઈ શકાય છે.

''ટ્રેન દ્વારા કોદાનુરમાં ૧૪૦ કિલોમીટરના અંતર સુધી ઝઝૂમી રહેલા ૭૦ ખેડૂતો મૃત્યુ પામ્યા હતા. તેમાંના કેટલાક પેશાબ પીવાથી બચી ગયા હતા. આ ભયંકર બનાવ દક્ષિણ ભારતના જલીયા વાલા બાગ તરીકે ઓળખાય છે. ૧૯૭૨માં, કેરળ સરકારે તેને વેગન ટ્રેજેડી જાહેર કર્યું. બ્રિટિશ રાજે આ ઘટનાને છાવરી લેવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ અંતે તે દબાણને વળગી રહ્યા હતા અને મૃત્યુ પામેલા લોકોના પરિવારને રૂ.૩૦૦ નું સોલેટિયમ આપ્યું હતું.'' (https://www.thehindu.com/news/cities/Coimbatroe/the-wagon-tragedy-of-1921/article7904715.ece )

**(૨) મપીલા(મોપ્લાહ) રેબેલીયન માલાબારનો બળવોઃ-**
https://en.wikipedia.rog/wiki/Malabar_rebellion

માલાબાર બળવો (મલયાલમમાં મોપ્લાહ બળવો અને મોપેલા લાહાના તરીકે પણ જાણીતા) એ ભારતના સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કરવા માટે એક મોટો બળવો હતો. તે મપીલા (મુસ્લિમની એક જાતિ) દ્વારા દક્ષિણ ભારતના મલબાર પ્રદેશમાં બ્રિટીશ સત્તા વિરુદ્ધ હતો અને બીજો ૧૯ મી સદી અને ૨૦ મી સદીની શરૂઆતમાં ફરીથી મોપીલા બળવો શરૂ થયો. માલાબારના એરનાડ અને વલ્લવાણ તાલુકાના બ્રિટીશ સત્તાવાળાઓ દ્વારા ભારે હાથે બળવાને દાબીદેવાની પ્રતિક્રિયા થઇ. પ્રારંભિક તબક્કામાં, ખિલાફત સ્વયંસેવકો અને પોલીસ વચ્ચે ઘણી સંખ્યામાં અથડામણો થઈ, પરંતુ હિંસા જલ્દીથી સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગઈ. મોપીલાઓએ હુમલો કર્યો અને પોલીસ સ્ટેશન, બ્રિટીશ સરકારી કચેરીઓ, અદાલતો અને સરકારી ખજાનાનો અંકુશ મેળવી લીધો.

બ્રિટીશ સરકારે લોખંડની મુઠ્ઠી ભરતા ગુરખા રેજિમેન્ટ્સ સાથે મળીને બળવાને રોકવા માર્શલ લૉ લાદવામાં આવ્યો. ઓગસ્ટ ૧૯૨૧ થી છ મહિના સુધી, બળવો ૨૦૦૦ થી વધુ ચોરસ માઇલ (૫,૨૦૦ કિ.મી ૨) સુધી વિસ્તર્યો - મદ્રાસ પ્રેસિડેન્સીના દક્ષિણ મલબાર વિસ્તારમાંથી આશરે ૪૦%. અંદાજે ૧૦,૦૦૦ લોકોના જીવ ગુમાવ્યા હતા, જોકે સત્તાવાર આંકડામાં ૨૩૩૭ ચળવળકારો માર્યા ગયા હતા, ૧૬૫૨ ઘાયલ થયા અને ૪૫,૪૦૪ જેલમાં હતા. બિનસત્તાવાર અંદાજ મુજબ અંદાજે ૫૦,૦૦૦ જેટલા જેલમાં ૨૦,૦૦૦ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, મુખ્યત્વે અંદામાન ટાપુઓમાં શિક્ષાત્મક વસાહત માટે, જ્યારે ૧૦,૦૦૦ લોકો ગુમ થયા હતા. ચળવળકારોના સૌથી જાણીતા નેતાઓમાં વેરાનુક્નાથ કુનઝહમાદ હાજી, સિતી કોયા થાંગલ અને અલી મુસલિયાર હતા.

સમકાલીન બ્રિટીશ વહીવટકર્તાઓ અને આધુનિક ઇતિહાસકારો આ ઘટનાને તેમની આકારણીમાં સ્પષ્ટપણે જુદૂ પડે છે, તે અંગે ચર્ચા કરવામાં આવી હતી કે શું ધાર્મિક ઝનૂન અથવા કૃષિની અસભ્યતાઓ દ્વારા બળવો શરૂ થયો હતો. તે સમયે, ભારતીય રાષ્ટ્રીય

કૉંગ્રેસે આ આંદોલનને રદિયો આપ્યો હતો અને તે વિશાળ રાષ્ટ્રવાદી ચળવળથી અલગ રહ્યો છે. જો કે, સમકાલીન ભારતીય મૂલ્યાંકનકારો હવે બળવાને બ્રિટીશ સત્તા વિરુદ્ધ રાષ્ટ્રીય ઉથલપાથલ તરીકે જુએ છે અને આ સમયગાળા દરમિયાન માલાબારમાં રાજકીય ચળવળ અંગેની સૌથી મહત્વપૂર્ણ ઘટના છે.

ઈતિહાસમાં આ ઘટનાને ભારતની આઝાદી માટેની ચળવળ ગણવી કે નહીં તે માટે પણ કેટલીય મથામણો ચાલે છે. મોપીલા મુસલમાનોની અંગ્રેજો સામેની આ લડાઈમાં જો કે એ પણ એક સત્યવાત હશે કે કેટલાય નિર્દોષ હિન્દુઓ અને મુસ્લિમોનો નાશ થયો જે એક અમાનવીય કૃત્ય છે જ.

મોપીલા મુસ્લિમ એટલે કે એ માલાબાર વિસ્તારના એવા ગરીબ મુસ્લિમ મજુરો જેઓને મળેલા જમીન ખેડ કે ઉપયોગ પરના હક્કો પૈસાદાર હિન્દુઓ અંગ્રેજોની મદદથી પરત મેળવવા માંગતા હતા.

નોંધ- દુર્ભાગ્યે કેટલાક ઈતિહાસકારોએ તથા અંગ્રેજ અમલદારોએ માલાબાર બળવાને હિન્દુઓ વિરુદ્ધ મુસ્લિમોનો આતંક જેવો પણ દર્શાવ્યો છે.

### (૩) **કિસ્સા ખ્વાની બાઝાર-**

(https://en.wikipedia.rog/wiki/Qissa_Khwani_Bazaar_massacre )

ખાન અબ્દુલ ગફાર ખાનની આગેવાની હેઠળના ખુદાઈ ખિદતમગર (ઈશ્વરના સેવકો), બિનહિંસક પદ્ધતિઓ દ્વારા બ્રિટીશ શાસનને દૂર કરવા માટે મુસ્લિમોનો એક સમૂહ બનાવવામાં આવ્યો હતો. ૨૩ એપ્રિલ, ૧૯૩૦ ના રોજ, ઉત્તમાનઝાઈમાં ભાષણ આપ્યા બાદ ખાનની ધરપકડ કરવામાં આવી હતી. પ્રામાણિકતા અને અહિંસાની પ્રતિબદ્ધતા માટેની ખાનની પ્રતિષ્ઠાએ મોટાભાગના સ્થાનિક શહેરના સભ્યોને સભ્યપદની શપથ લેવા અને અંગ્રેજોના વિરોધમાં ખુદાઈ ખિદમતગારના માર્ગમાં જોડાવા પ્રેરણા આપી.

અન્ય ખુદાઈ ખિતમતગારના નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી પછી, કિસ્સા ખ્વાની બજાર ખાતે ભેગા થયેલા. બ્રિટીશ ભારતીય સૈનિકો બજારમાં ગયા ત્યારે ભીડ અને ઘોંઘાટ હતાં અને તેમના પર પથ્થરો ફેંકવામાં આવ્યાં હતાં. એક બ્રિટીશ આર્મીના ખેલાડીની હત્યા કરવામાં આવી હતી અને તેના શરીરને સળગાવી દીધુ. તરબાદ અંગ્રેજ સૈનિકો દ્વારા ફાયરીંગ કરવામાં આવ્યું જેથી ઘણા લોકો માર્યા ગયા. એવો દાવો કરવામાં આવે છે કે ભીડ અહિંસા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ચાલુ રાખે છે, તે સમયે બ્રિટીશ સૈનિકોએ નિઃશસ્ત્ર ભીડ પર મશીન ગન સાથે આગ વરસાવવા આદેશ આપ્યો હતો. ખુદાઈ ખિદમતગારોએ હિંસા

વિના જવાબ આપ્યો. તેના બદલે, ઘણાં સભ્યોએ 'અલ્લાહુ અકબર-ઈશ્વર મહાન છે' જેવા નારાનું વારંવાર પુનરાવર્તન કર્યું અને કુરઆનને પકડયો, કારણ કે તેઓ તેમના મૃત્યુ તરફ ગયા હતા. મૃત્યુની ચોક્કસ સંખ્યા વિવાદાસ્પદ બની છે – સત્તાવાર આંકડાઓ ૨૦ મૃતકોની માહિતી આપે છે જ્યારે રાષ્ટ્રવાદી સૂત્રોએ દાવો કર્યો હતો કે સેંકડો લોકો માર્યા ગયા હતા, ઘણાં ઘાયલ થયા હતા. આદરણીય બ્રિટીશ ભારતીય આર્મી રેજીમેન્ટના બે પ્લેટોન્સ, રોયલ ગઢવાલ રાઈફલ્સે, ત્યાં જવા ઈન્કાર કર્યો જેમાં બળવાના વિરોધ માટે સૈનિકો લઇ જવાના હતા. જ્યારે આગળની હરોળ વાળા ખુદાઇ ખિદમતગારો ગોળીઓથી ઘાયલ થઈ જતા ત્યારે તેમની પાછળની હરોળના માણસો આગળ આવી જતા અને તેઓ પોતાની છાતીઓમાં ગોળીઓ ખાતા. આ ઘટના તે દિવસે સમય સવારે ૧૧ થી ૫ સુધી શરૂ રહી ત્યારબાદ સરકારી એટલે કે અંગ્રેજોની એમ્બુલન્સે આવીને લાશોને ત્યાંથી દૂર ખદેડી.

જો વિચારવામાં આવે કે મુસ્લિમો ભારત દેશમાં ઇ.સ. ની છઠ્ઠી સદીમાં આવ્યા એટલે કે છઠ્ઠી સદી પહેલા ભારત દેશમાં મુસ્લિમો હતા જ નહિ તો શું તે સમયે ભારત દેશમાં ચોરી, લુંટફાટ, હત્યા, બળાત્કાર, સામાજીક અને આર્થિક રીતે નબળા લોકોનું શોષણ, બહેન-દિકરીઓનું શોષણ આ બધા અસામાજીક કામો થતા ન હતા....? અને જો થતા હતા તો કયા સમાજ કે ધર્મના લોકો સાથે થતા અને કયા સમાજ કે ધર્મના લોકો દ્વારા આ અત્યાચારો કરવામાં આવતા હતા...?.જરા વિચાર કરશો તો તેનો જવાબ તમે ચોક્કસ મેળવી શકશો.

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર મુસ્લિમ મહિલાઓ (મુસ્લિમ વિરાગંનાઓ)

મુસ્લિમ મહિલાઓએ સ્વાતંત્ર્ય સંગ્રામની લડાઈમાં આપેલ યોગદાન એ એક બારી જેવું છે કે જેનાથી આપણે માહિતગાર બન્યા કે મુસ્લિમ મહિલાઓના આ અમુલ્ય યોગદાન વિશે જાણવાની તક મળી. આપણે હંમેશા યુધ્ધની ચર્ચાઓમાં માત્રને માત્ર પુરૂષોની જ ચર્ચાઓ કહી કે સાંભળી છે. પરંતુ શું ક્યારેય મહિલાઓ દ્વારા ભજવવામાં આવેલ કામગીરી કે યોગદાન વિશે વિચાર્યું છે ખરૂં.?

મહિલાઓમાં પણ મુસ્લિમ મહિલાઓ કે જેમના માટે એક જ વાત સાંભળવા મળતી કે મુસ્લિમ મહિલાઓ ચાર દિવાલોમાં પર્દાની અંદર રહે છે જે મુસ્લિમ પુરૂષો આગળ તદ્દન નિસહાય હોય છે પરંતુ આ ચાર દિવાલો અને ઘુંઘટની અંદર રહેલ મહિલાઓ શક્તિશાળી, ઉર્જાસભર અને દેશને મુક્ત કરાવવા માટે હંમેશા તત્પર હતી.

જ્યારે શાહ અબ્દુલ અઝીઝ દહેલવી અંગ્રેજો વિરૂધ્ધ જેહાદ કર્યું અને તેના જવાબમાં સમગ્ર દેશમાંથી ઉલેમાઓ અને સામાન્ય માણસો તેમની સાથે જોડાયા તો તેમાં મહિલાઓ પણ પાછળ ન હતી. જીહાદનું શિક્ષણ ૧૮૫૭ માં કોંક્રિટ આકાર લેતુ હતુ અને ૧૯૪૭માં ભારતની આઝાદી સુધી સતત કાર્યશીલ હતુ. માત્ર મુસ્લિમ પુરૂષો જ નહિં પરંતુ મુસ્લિમ મહિલાઓ પણ અંગ્રેજો સામેની આ લડાઈમાં ખડે પગે ઉભી હતી. જે મહિલાઓએ આ લડાઈમાં ભાગ લીધો તેમની યાદી મર્યાદીત નહિ પરંતુ ખુબ વિશાળ છે. મહિલાઓએ પોતાના પતિ, પિતા અને દિકરાઓને દેશ માટે લડાઇ લડવા માટે પીઠબળ પુરૂં પાડ્યું અને જ્યારે તેમની ગેરહાજરી હતી ત્યારે આ જવાબદારી પોતાના ખભાપર ઉપાડી લીધી. આ સિવાય મહિલાઓ અન્યોને પણ આ લડાઈમાં જોડાવા માટે ખુબ જ પ્રેરણા પુરી પાડતી જેના માટે વિદેશ પ્રવાસો પણ ખેડેલા હતા. વિદેશી શાસન સામે હિંસક અને અહિંસક એમ બન્ને પ્રકારની ચળવળોમાં મુસ્લિમ મહિલાઓનો ફાળો અમુલ્ય છે. આ દરેક મહિલાઓ માત્ર શિક્ષિત અને પ્રબુધ્ધ પરિવારોની જ નહિ પરંતુ અશિક્ષિત અને ગામડોમાથી પણ આવેલી હતી.

## અબેદી બેગમ



અમ્મ (અબેદી બેગમ), શૌકત અલી અને મોહમ્મદ અલીની માતા એ પણ સ્વતંત્રતા સંઘર્ષમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જ્યારે, ડિસેમ્બર ૧૯૨૧ માં, મોહમ્મદ અલી અને શૌકત અલીને બ્રિટીશ સૈન્ય દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, તેણીએ આ સમાચાર ખૂબ જ ધીરજપૂર્વક પ્રાપ્ત કર્યા અને જ્યારે અફવા ફેલાવા લાગી કે મોહમ્મદ અલીને જેલમાંથી મુક્ત કરવામાં આવશે પરંતુ જો તે માફી માંગે તો ત્યારે તેમણે કહ્યું હતું કે, ''મોહમ્મદ અલી ઈસ્લામના પુત્ર છે અને તે બ્રિટીશરો પાસેથી માફી માંગવા અંગે વિચાર પણ કરી શકતો નથી. જો એવુ કરશે તો પછી મારા ઘરડાં હાથમાં તેને ધબડાવવાની પૂરતી તાકાત છે.''

ગાંધીજીએ કહ્યું કે તે એક વૃદ્ધ મહિલા છે પરંતુ યુવાનીની ઊર્જા ધરાવે છે. તે દેશને વિદેશી ધૂંસરીમાંથી મુક્ત જોવા માટે અશાંત હતી. તે પોતાના ઉપયોગ માટે વણાટની ખાદીના કાપડનો ઉપયોગ કરે છે અને લોકોને ખાદીનો ઉપયોગ કરવા માટે સહમત કરે છે. તેમણે હિન્દુ-મુસ્લિમ એકતા માટે સખત પ્રયાસ કર્યા હતા અને એકતા ને તેઓ પોતાનું અડધુ ઈમાન ગણતા હતા. https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## ઝુલેખા બેગમ



ઝુલેખા બેગમ (મૌલાના અબુલ કલામ આઝાદની પત્ની) એ ખૂબ હિંમતવાન મહિલા હતા. સ્વતંત્રતાના સંઘર્ષમાં મૌલાનાની સહભાગીતાને કારણે તેમને ઘણી વાર નાણાંકીય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેનાથી તેમની કામગીરીમાં કોઈ પણ રીતે વિક્ષેપ પડયો ન હતો.

જ્યારે, ૧૯૪૨માં મૌલાનાને એક વર્ષની જેલ થઈ, તો તેમણે ગાંધીજીને લખ્યું, કે ''મારા પતિને એક વર્ષની જેલ મળી છે. તે અમારી અપેક્ષા કરતાં ઓછી છે, કારણ કે જો તે રાષ્ટ્ર માટે તેમની ભક્તિનું પરિણામ હોય, તો તેમને ન્યાય મળ્યો ન કહેવાય. તે તેમની પાત્રતા માટે ઓછાં છે. આજથી હું બંગાળ ખિલાફત સમિતિના સંપૂર્ણ કાર્યની સંભાળ રાખીશ.'' આ

હિંમતવાન વ્યક્તિ તે સમયે તદ્દન તંદુરસ્ત નહોતી, તેમ છતાં તેણીએ માત્ર તેના પતિના જેલના દુઃખની વાત માત્ર અત્યંત ધીરજથી કરી અને સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે જોડાવાનો નિર્ણય કર્યો.

https://www.facebook.com/notes/wake-up-women/role-of- muslim-women-in-freedom-movement/164987506883565/

## અમજદી બેગમ



અમજદી બેગમ મૌલાના મોહમ્મદ અલી જોહરની પત્ની હતા. તેઓ રામપુરના એક પ્રખ્યાત પરિવારના સભ્ય હતા. તેઓ મૌલાના જોહરના દાર્શનિક અને રાજકીય સિદ્ધાંતોને અનુસરતા હતા. તે દરેક પ્રવાસ, સભાઓ અને અન્ય પ્રવૃત્તિઓમાં મૌલાના સાથે જ રહેતા. તેમણે સત્યાગ્રહ અને ખિલાફત ભંડોળ માટે નાણાં એકત્રિત કર્યા હતા અને મહાત્મા ગાંધીની યાત્રાને જાહેર જનતા સમક્ષ રજૂ કરવાના પ્રયત્નો કર્યા.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## અઝીઝન



- ૧ જુન ૧૮૫૭ ના દિવસે કાનપુરમાં ક્રાંતિકારીઓની એક બેઠકમાં નાના સાહેબ, તાત્યા સાહેબ, શમસુદ્દીનખાન, અજીમુલ્લાખાન અને સુબેદાર ટીકુ સીહની સાથે અજીજન બાઈએ પણ ભાગ લીધો અને હાથમાં ગંગાજળ લઈને ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાની પ્રતિજ્ઞા લીધી. દામોદર સાવરકરે પણ તેમના ખુબ વખાણ કરતા કહ્યું છે કે અઝીઝન એક નર્તકીની સાથે ખુબ જ સારા ક્રાંતિકારી હતા જે અન્ય ક્રાંતિકારીઓને પ્રેરણાં આપવા વાળા હતા. બીઠુરમાં થયેલા યુધ્ધમાં ક્રાંતિકારીઓને સફળતા ન મળી. અઝીઝન ને બંદી બનાવવામાં આવ્યા અને જનરલ હેવલોન સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. જનરલે તેમને પ્રલોભનો આપ્યા પરંતુ અઝીઝન બાઈએ કહ્યું કે અંગ્રેજોએ ભારતવાસીઓની માફી માંગવી જોઈએ કે જેમના ઉપર

આટલા અત્યાચારો કરી રહ્યાં છો. હુ તમને ક્યારેય માંફ નહિં કરુ. આ સાંભળતા જ અંગ્રેજોએ તેમની ગોળી મારી હત્યા કરી.

https://hi.wikipedia.rog/wiki/અઝીઝનબાઇ

- અઝીઝનબાઇને તે સમયમાં કાનપુરમાં તવાયફ તરીકે નાચ-ગાનનું કામ કરનાર તરીકે પણ ઓળખાય છે. ઇતિહાસકારોનું જણાવવું છે કે આ નાચગાન કરીને લોકોનું મનોરંજન કરનાર અઝીઝન બાઇ તેમના મનમાં રહેલી દેશદાઝને કારણે આ કામ છોડીને ૧૮૫૭ ની ભારતની લડાઇમાં પોતે કુદી પડ્યાં. તેણી એક સારા યોધ્ધા બની રહ્યાં. તેમના માટેની એક પંક્તિ ખુબ પ્રચલીત છે કે ‘‘મને હતું કે બંદુકનું વજન ખુબ જ વધારે હશે પરંતુ તે મારા ઘુંઘરું કરતા પણ ઓછું છે.’’ નાના સાહેબ પેશ્વાની નેતાગીરી નીચે રહીને તેણીએ આઝાદીની લડાઈ લડી. તે પોતાના હાથમાં ખુલ્લી તલવાર રાખતા અને તેમના ખભાની પાછળ બંદુક રાખતા અને દેખાવમાં એક પુરૂષ સૈનિક તરીકે દેખાઇ આવે તેવા કપડા પહેરતા.

https://readerblogs.navbharattimes.indiatimes.com/JaiJawanJaiKisan/ajijan-bai/

- તેણીએ તેમનું જીવન દેશની આઝાદી માટે સમર્પિત કર્યું. ૨૭ જુલાઇ ૧૮૫૭માં અઝીઝનને અંગ્રેજ સરકાર દ્વારા પકડીને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ત્યારે તેમનું મહત્વનું નિવેદન કોર્ટ સમક્ષ હતું જે ખુબ પ્રચલીત થયું. ‘‘દરેક માણસને મુક્ત રીતે જીવન જીવવાનો અધિકાર છે પરંતુ અહિં ભારતમાં તમે અંગ્રેજોએ અમારો આ અધિકાર છીનવી લીધો છે. તમે તમારા દેશમાં ચાલ્યાં જાવ નહિતર અમે તમને બધાને મારી નાંખીશું. હા હું સ્વીકારું છું કે તારીખ ૨૭ જૂન ૧૮૫૭ ના રોજ ગંગા નદીના પટમાં જે અંગ્રેજો ઉપર હુમલો કરીને તેમને મારી નાંખવામાં આવ્યાં તેમાં હું પણ સામેલ છું અને મેં જે કર્યું તેના ઉપર મને ગર્વ છે.’’

## બેગમ હજરત મહલ



- વર્ષ ૧૮૩૦માં ફૈઝાબાદમાં જન્મેલ મોહમ્મદી ખાનમ કે જે નવાબ વાજીદ અલી શાહ સાથેના લગ્ન બાદમાં બેગમ હજરત મહાલ બન્યા.
- ૧૩ ફેબ્રુઆરી ૧૮૫૬ માં અંગ્રેજોએ નવાબ વાજીદ અલીને કેદ કર્યાં. ત્યારબાદ તેમના પત્નિ એવા હજરત મહાલે તેમની રાજકીય જવાબદારી સ્વિકારીને રાજ્યનો વહીવટ પોતાના હાથમાં લીધો. તેમણે

પોતાના દિકરા બીરઝીસ કદીરની અવધના ઉત્તરાધિકારી તરીકે નિમણુંક કરી. પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે રાજા જલાલસીંગ સાથે મળી ચળવળ મજબુત કરવાનું કામ કર્યું. તેઓ નાના સાહેબ પેશ્વા સાથે જોડાઈને કામ કરતા. શાહજહાંપુર પર કરવામાં આવેલ હુમલામાં તેઓ ફૈઝાબાદના મૌલવી સાથે જોડાયા. પડોશી રાજયો અને લોકો લખનઉની એક છાવણીમાં મળ્યાં અને તેમણે ભારતને અંગ્રેજો પાસેથી આઝાદ કરવા માટેની કામગીરી શરૂ કરી. ત્યારબાદ લખનઉ ફરતે મોટી રકમ ખર્ચીને કિલ્લે બંધી કરવામાં આવી.

- તેમણે એક ઉચ્ચ કક્ષાની કમિટી બનાવી કે જેથી રાજ્ય કક્ષાએ સારી રીતે વહીવટ ચલાવી શકાય.

https://en.wikipedia.rog/wiki/Begum_Hazrat_Mahal

## હાજરા બીબી ઇલમાઇલ



- હાજરા બીબી ઈલમાઈલ, આંધ્રપ્રદેશના ગુન્ટુર જિલ્લાના ટેનાલીથી સ્વાતાંત્ર્ય સેનાની, મોહમ્મદ ઈસ્માઈલ સાહેબના પત્ની હતા. દંપતી મહાત્મા ગાંધી દ્વારા પ્રભાવિત હતા. તે બંન્નેએ પોતાની જાતને ખાદી અભિયાન ચળવળમાં સમર્પિત કરી. હાજરા બીબીએ તેમના પતિને સમર્થન આપ્યું હતું જે ખાદી ચળવળની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતા. તેમના પતિ મોહમ્મદ ઈસ્માઈલે ગુન્ટુર જીલ્લામાં પ્રથમ ખાદીનો સ્ટોર શરૂ કર્યો હતો. જેના માટે તેમને 'ખદર ઈલમાઈલ' તરીકે પ્રસિદ્ધી મળી હતી. તે દિવસોમાં, તેનાલી આંધ્ર વિસ્તારમાં મુસ્લિમ લીગ માટેનું મથક હતું જ્યાં તેઓ તેમના વિવિધ કાર્યક્રમો સાથે ખૂબ જ સક્રિય હતા. હાજરા અને તેમના પતિ મહાત્મા ગાંધીની વિચારધારાને અનુસર્યા હોવાથી, મુસ્લિમ લીગના કાર્યકરોએ તેમને ઘણી મુશ્કેલીઓ આપી હતી. આવી પરિસ્થિતમાં પણ તેણીએ પોતાના પતિને ખૂબ સહાય કરી હતી, તેમણે ભારતીય રાષ્ટ્રીય ચળવળના કાર્યકરોને હંમેશા મદદ કરી, જેઓ તેમના ઘરે ગયા હતા. હાજરા બીબીએ ક્યારેય હિંમત ગુમાવી ન હતી, તેમ છતાં તેમના પતિની રાષ્ટ્રીય ચળવળમાં ભૂમિકા માટે ઘણી વખત ધરપકડ કરવામાં આવી હતી. ઈસ્માઈલ દંપતિ તેમના બાળકોને એવી શાળામાં શિક્ષિત કરવા માંગતા જ્યાં રાષ્ટ્રવાદ શીખવવામાં છે. આમ, તેઓએ પોતાનાં બાળકોને હિન્દી શાળામાં મોકલ્યા, જે રાષ્ટ્રવાદી આત્મા સાથે શૈક્ષણિક વ્યવસ્થા ધરાવતી હતી. પોતાના સમુદાયના ઘણાં લોકો રાષ્ટ્રવાદના આ કાર્યો માટે તરફદાર ન હતા અને તેમનો સામાજિક બહિષ્કાર જાહેર કર્યો. હાજરા

બીબીએ તે કાર્ય પર ધ્યાન ન આપ્યું અને તે સ્પષ્ટ કર્યું કે તેમના પરિવાર ગાંધીજીના આદર્શોને અનુસરી રહ્યા છે તે પાછળ રહેશે નહીં.

- તેમણે ૧૯૪૮ માં પતિ ખદર ઈસ્માઈલને ગુમાવ્યા હતા. ઈસ્માઈલ વારંવારના જેલમાં જવાના કારણે નબળા સ્વાસ્થ્યને કારણે મૃત્યુ પામ્યા. સ્વાતંત્ર્ય લડવૈયાઓના વર્ગ હેઠળ તેના પતિના મોત બાદ સરકારે તેમને જમીન ઓફર કરી હતી. પરંતુ, તેમણે જમીન લેવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે "પોતાની દેશભક્તિ માટે કોઈ સંપત્તિ મેળવીને કિંમતને મેળવવા નથી માગતી." તેનાથી વધુ, તેણીએ પોતાના પતિનું વચન પાળવા માટે પોતાના પરિવારની જમીન 'કવિરુ વિનયશ્રમને' દાનમાં આપી હતી. તેમના પતિના મોત પછી પણ, તેમણે તેમના આદર્શોને અનુસર્યા હતા. તેણીએ તેણીના પતિ પછી તેના બાળકો દ્વારા ખાદી સ્ટોર ચલાવ્યો અને તેણીએ છેલ્લા શ્વાસ સુધી ખાદી પહેરી. હાજરા બીબી ઈસ્માઈલ ૧૬ જૂન, ૧૯૯૪ ના રોજ તેનાલીમાં મૃત્યુ પામ્યા હતા.

http://heritagetimes.in/hajara-beebi/ https: // www.facebook. com/notes/ wake-up-women/role-of-muslim-women in-freedom-movement / 164987506883565/

## અરૂણા અસફ અલી



- અરૂણા અસફ અલી (૧૬ જુલાઈ ૧૯૦૯ - ૨૯ જુલાઈ ૧૯૯૬), અરૂણા ગાંગુલી, એક ભારતીય સ્વતંત્રતાના ક્રાંતિકારી હતા. ૮ ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ, ઓલ ઈન્ડિયા કૉંગ્રેસી સમિતિએ બોમ્બે સત્રમાં ક્વિટ ઈન્ડિયા ઠરાવ પસાર કર્યો હતો. સરકારે મુખ્ય નેતાઓ અને કોંગ્રેસ કાર્યકારી સમિતિના તમામ સભ્યોને ધરપકડ કરીને પ્રતિક્રિયા આપી અને આમ સફળતાથી ચળવળને પૂર્વમાં મૂકવાનો પ્રયાસ કર્યો. અરૂણા અસફ અલી ૯ ઓગષ્ટનાં બાકીના સત્રની અધ્યક્ષતામાં આગેવાની લીધી હતી અને ગોવાલા ખાતે કોંગ્રેસના ધ્વજને ફરકાવ્યો હતો. તેના પછીના વર્ષોમાં સ્વતંત્રતા ચળવળના ગ્રાન્ડ ઓલ્ડ લેડી તરીકે ઓળખવામાાં આવે છે.

- સ્વતંત્રતા પછી, તે રાજનીતિમાં સક્રિય રહી, ૧૯૫૮ માં દિલ્હીના પ્રથમ મેયર બન્યાં. ૧૯૬૦ ના દાયકામાં તેમણે સફળતાપૂર્વક એક મીડિયા પ્રકાશન હાઉસ શરૂ કર્યું

- અસફ અલી સાથે લગ્ન કર્યા બાદ કોંગ્રેસ પાર્ટીના સક્રિય સભ્ય હતા અને મીઠાના સત્યાગ્રહ દરમિયાન જાહેર સરઘસોમાં ભાગ લીધો હતો. તેમની આ ચાર્જ પર ધરપકડ કરવામાં આવી હતી અને તેમના વિશે કહેવામાં આવ્યું કે તે એક રખડુ છે. ૧૯૩૨ માં,

તેણીને તિહાર જેલમાં કેદી તરીકે રાખવામાં આવ્યા હતા જ્યાં તેમણે ભૂખ હડતાલ શરૂ કરીને રાજકીય કેદીઓની ઉદાસીન દેખરેખ કે સારવારનો વિરોધ કર્યો હતો. તેમના પ્રયત્નોને કારણે તિહાર જેલમાં શરતોમાં સુધારો થયો પરાંતુ તેને અંબાલામાાં ખસેડવામાં આવી અને તેમને એકાંતવાસમાં રાખવામાં આવ્યા.

https://en.wikipedia.rog/wiki/Aruna_Asaf_Ali

## નિષાત બેગમ



નિષાત અને નિસા બેગમ (બેગમ હસરાત મોહાની) પણ દેશની સ્વતંત્રતાના ચળવળના સક્રિય સહભાગી હતા. તે ૧૩ એપ્રિલ, ૧૯૧૬ બાદ રાજકીય અને જાહેર ક્ષેત્રની રચનામાં આવ્યા હતા. ત્યારે મૌલાના હસરત મોહાનીને બીજી વખત કસ્ટડીમાં લઈ જવામાં આવ્યા હતા. તેણી તેના પતિના પબ્લિક રિલેશનશિપ ઓફિસર હતા અને બ્રિટીશ કોર્ટમાં મૌલાનાના તમામ કેસોની દેખરેખ રાખતા હતા. તે માત્ર એક સમર્પિત પત્ની ન હતા પણ એક દેશભક્ત સ્ત્રી પણ હતા. તેમણે મૌલાના મોહાની સાથે તમામ બેઠકોમાં ભાગ લીધો. તેઓ નાણાકીય રીતે નબળા હતા પરંતુ અન્ય તરફથી નાણાકીય સહાય સ્વીકારવા માટે પણ તૈયાર ન હતા. તેણીએ ઘરનાં તમામ ખર્ચોનું સંચાલન કર્યું અને પુસ્તકો અને સામયિકોના વેચાણમાંથી મેળવેલ આવક સાથે મુસાફરી કરી. તેણીએ ૧૯૨૧ માં કોંગ્રેસ વિષય સમિતિનું પ્રતિનિધિત્વ બેગમ ખર્શીદ ખ્વાજા (અબ્દુલ હમીદ ખ્વાજાની પત્ની) સાથે કર્યું હતું.

## બેગમ ખુર્શીદ ખ્વાજા



તેઓ વિદેશી ચળવળમાં જોડાયા અને અલીગઢમાં ખિલાફેટ સ્ટોર સ્થાપવા માટે મૌલાના મોહનીને મદદ કરી. બેગમ ખુર્શીદે એક માસિક સામયિક “હિંદ” સંપાદન કરવાનું શરૂ કર્યું જ્યારે ખ્વાજા હમીદને જેલમાં મોકલવામાં આવ્યા હતા ત્યારે તેમણે ખ્વાજાની ગેરહાજરીમાં જામિયા મિલિયા ઈસ્લામિયાના કામો લીધા હતા. તેમણે ૧૯૩૦ માં અલ્હાબાદમાં હમીદીયા ગર્લ્સ સેકન્ડરી સ્કૂલની સ્થાપના કરી હતી (હાલમાં આ સંસ્થા ડિગ્રી કોલેજ છે).

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## કુલસુમ આપા સયાની



- કુલસુમ સયાની કે જેમણે માત્ર ૧૭ વર્ષની નાની ઉંમરમાં જ દેશ સેવાની શરૂઆત કરી અને આઝાદી માટેની લડાઈમાં ગાંધીજી સાથે જોડાયા. આ સાથે મહિલાઓ પ્રત્યે તેમને ખુબ જ લાગણીઓ હતી તેથી તેમના શિક્ષણ માટે તેમણે તેમના થકી થતા દરેક પ્રયત્નો કર્યા અને સમગ્ર ગુજરાતમાં મહિલાઓ માટે શાળાઓની શરૂઆત કરી. તેમની લડાઇ માત્ર અંગેજો સાથે નહિં પરંતુ મુસ્લિમ લીગના કેટલાક એવા નેતાઓ સામે પણ હતી કે જે નેતાઓએ અલગ ભારતનું પૃથક્કરણ કર્યુ હતુ. ગાંધીજીનો હાથ કુલસુમના માથે હતો અને કુલસુમનો હાથ સમાજ માથે હતો. પોતાના આપબળે અંગ્રેજ સરકારને ધૂળ ચટાડનારી આ દિકરી ગુજરાતમાં રહી અને ગુજરાતભરમાં ફરીને શિક્ષણનો પ્રચાર પ્રસાર કર્યો અને શાળાઓ પણ શરૂ કરાવી જેમાં ખાસ દિકરીઓના શિક્ષણ ઉપર તેમણે ભાર મુક્યો હતો.તેમના દ્વારા થયેલ પ્રચાર એટલો અસરકારક રહ્યો કે કોંગ્રેસના કાર્યાલયોમાં પણ શાળાઓની શરૂઆત થઇ રહી હતી.કોંગ્રેસના ''જન જાગરણ અભિયાનને'' કુલસુમ દ્વારા જ સફળ બનાવવામાં આવ્યું હતુ. ચારેય બાજુ ઉદાસી છવાયેલી હતી ત્યારે ''રહબર'' નામના પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ કરીને તેમણે પ્રૌઢ શિક્ષણ માટે એક અભિયાન શરૂ કર્યું. તેમણે ઘણાં પુસ્તકો પણ લખ્યા પરંતુ તે આજે આપણી નજર સમક્ષ રહ્યાં નથી. આઝાદી પછી આ મહિલાએ કઇ મેળવ્યું નથી પરંતુ સમગ્ર પ્રદેશમાં તે શિક્ષણ રૂપી દિવડા પ્રગટાવીને આ દુનિયાથી અલવિદા થયા. તેમના પતિ પણ એક ક્રાંતિકારી હતા અને ત્યાર પછી તેમના પુત્રનો અવાજ કે જે અમીન સયાની તરીકે રેડીયામાં દરેકને સાંભળવા મળતો હતો.

## ઝુબૈદા દાઉદી



મૌલાના શફી દાઉદીના પત્ની ઝુબૈદ દાઉદી, અંગ્રેજો વિરૂધ્ધ બહાદુરીથી લડ્યા હતા અને અસહકારની ચળવળના આંદોલનમાં જોડાયા હતા. તેણીએ તેના પતિ, સંબંધીઓ અને અન્યોના કપડાં એકઠા કર્યા અને તેને કોંગ્રેસ કાર્યાલયમાં બાળી નાખ્યા. તેઓ ઘર ઘરથી વિદેશી કપડાં એકત્રિત કરનારા લોકોના નેતા બન્યા હતા. તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવા માટે મહિલાઓને પ્રેરણા આપવા માટે તમામ જાહેર સભાઓ

અને સંગઠિત મીટિંગમાં ભાગ લીધો. જ્યારે વિદ્યાર્થીઓ અસહકારના આંદોલનને ટેકો આપવા માટે સરકારી શાળાઓ અને કોલેજો છોડી ત્યારે, મૌલાના શફી દાઉદીએ આવા વિદ્યાર્થીઓ માટે એક શાળા શરૂ કરી અને બેગમ શફી દાઉદીએ આ વિદ્યાર્થીઓ માટે ભોજન અને અન્ય સુવિધાઓ પૂરી પાડી.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## સાદાત બાનો



સાદાત બાનો કિચલે ડૉ. સૈફુદ્દીન કિચલેના પત્ની હતા. તે ઉર્દુ અને ફારસી ભાષાથી સારી રીતે વાકેફ હતા. લોકો ને પ્રોત્સાહિત કરવા માટે ઘણા દેશભક્તિના લેખો અને કવિતાઓ સંકલિત કર્યા હતા. તે એક સમય હતો જ્યારે મુસ્લિમ મહિલાએ તેના વિચારો અને વિચારોને લેખિતમાં વ્યક્ત કરવાનું મુશ્કેલ હતું. ૧૯૨૦ માં ડૉ. કિચલેની ધરપકડ કરવામાં આવી ત્યારે તેમણે કહ્યું, ''મને ગર્વ છે કે તેમને રાષ્ટ્રની માટે સેવા માટે જેલ મળી છે. આ કારણ માટે હજાર વાર જીવ ગુમાવવો સારો'' તેણીએ નાગરિક અસહકાર ચળવળમાં પણ ભાગ લીધો હતો અને ડૉ. કિચલે દ્વારા જેની સ્થાપના કરવામાં આવી તેવા સ્વરાજ આશ્રમની અધ્યક્ષ સ્થાને રહી સેવા કરી હતી.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## અકબરી બેગમ



- અકબરી બેગમ બેરિસ્ટર અસિફ અલીની માતા હતા. તેમણે અસહકાર ચળવળમાં જોડાવા માટે તેમના ભાષણો દ્વારા મુસ્લિમ મહિલાઓને પ્રેરણા આપી. મે ૧૯૨૦ માં તેમણે એક ઐતિહાસિક ભાષણ આપ્યું જેમાં તેણીએ કહ્યું, ''અમારે અમારું ધાર્મિક પેઢીનું કામ (આઝાદી માટે આગેવાની) શરૂ રાખવું જોઈએ અને તેનો વિરોધ કરનારા લોકોનો સામાજિક રીતે બહિષ્કાર કરવો જોઈએ.''

  https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## રઝીયા ખાતુન



- રઝીયા ખતૂન (નાસિરુદ્દીનની પુત્રી) એ બંગાળના પ્રથમ મુસ્લિમ મહિલા હતા જે બ્રિટીશરો સામે અડીખમ ઉભા હતા. તેણીની ધરપકડ કરવામાં આવી અને કાલાપાણીની સજામાં મોકલવામાં આવી, જ્યાં તેણીએ અંતિમ શ્વાસ લીધા.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## ઝિહાદા ખાતુન સરવાણી



- ઝિહાદા ખાતુન સરવાણી (મુઝિઝમ ખાન શેરવાનીની પુત્રી) સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રોત્સાહિત કરવા માટે દેશભક્તીની કવિતાઓ લખતા હતા.

## અસઘારી બેગમ



- થાના ભવન, મુઝફ્ફરનગરના અસઘારી બેગમ (કાઝી અબ્દુર-રહેમાનની માતા) ના યોગદાનનો ઉલ્લેખ કર્યા વિના, ભારતની સ્વતંત્રતાનો ઈતિહાસ અધૂરો રહેશે, જેઓ બ્રિટીશની સામે બહાદુરીથી લડ્યા હતા અને પરાજિત થયા ત્યારે જીવંત બાળી નાખવામાં આવ્યા હતા. તેવી જ રીતે, હબીબા અને રાહિમી (જે પણ જિલ્લા મુઝફ્ફરનગરના હતા) દ્વારા ઈંગ્લિશ દળો સામે આગળ વધ્યા હતા તો તેમને ફાંસીએ લટકાવવામાં આવ્યા હતા.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

## જીનત મહલ



- તેઓ અંતિમ મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરના પત્નિ હતા. જીનત મહલે બહાદુર શાહ ઝફર સાથે સને ૧૮૪૦ ને ૧૯ નવેમ્બરના રોજ લગ્ન કર્યા હતા. બહાદુર શાહ ઝફર સાથે ભારત ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેણીએ પણ ખુબ ભાગ ભજવ્યો હતો. ૧૧ મે ૧૮૫૭ ના રોજ તેમણે ભારત દેશની સ્વતંત્રતા માટે લડત લડતા ક્રાંતિકારીઓ માટે લાલ કિલ્લાનો દરવાજો ખોલ્યો હતો. ૧૭ જુલાઇ ૧૮૮૬ ના રોજ તેઓ મૃત્યું પામ્યા ત્યારબાદ તેમને બહાદુરશાહ ઝફરની કબરની બાજુમાં દફનાવવામાં આવ્યા હતા.

## અન્ય મુસ્લિમ મહિલા સ્વતંત્ર્ય સેનાનીઓ

- બેગમ (મૌલાના મઝહરહલ હકની પત્ની)
- અમિના કુરેશી
- ફાતિમા કુરેશી
- અમીના તૈયબજી (અબ્બાસ તૈયબજીની પત્ની)
- રીહાના તૈયબજી (પુત્રી અબ્બાસ તૈયબજીના)
- હમીદા તૈયબજી (શમસુદ્દીન તૈયબજીની પૌત્રી)
- બેગમ સખીના લુકમાની (બદરુદ્દીન તબરેજની પુત્રી)
- ફાતિમા તૈયબ અલી
- શફાત અન નિસા બીબી (મૌલાના હબીબુર રહેમાનની પત્ની)
- સફિયા સાદ
- બેગમ કુલ્સુમ સિની
- અસમત આરા ખાતુન
- સુઘરા ખાતુન
- બીબી એમાતુલ ઈસ્લામ
- ફાતિમા ઇસ્માઇલ
- સુલતાન હયાત અન્સારી
- હાઝરા બેગમ
- ખદિજા બેગમ અને મુનીરા અસહકાર ચળવળમાં જોડાયા.
- ઉપરોક્ત મહિલાઓ ઉપરાંત સેંકડો અનામી મુસ્લિમ વિરાંગનાઓએ અનેક યાતનાઓ ઝીલી એમના અમૂલ્ય યોગદાનને કોઈપણ રીતે નકારી શકાય નહીં. આ સમયે આશરે ૨૨૫ મુસ્લિમ મહિલાઓએ પોતાનો જીવ આપીને બળવો કર્યો પરંતુ સ્વતંત્રતા સંગ્રામની આ ચળવળમાં તેમની ભૂમિકાને ઇતિહાસકારો દ્વારા યોગ્ય રીતે સ્વીકારવામાં આવી નહિ. આ મહિલાઓનુ મહાન યોગદાન વર્તમાન પેઢીના જ્ઞાનમાં લાવવું જોઈએ. તેમને આદર આપવાની આ શ્રેષ્ઠ રીત હશે.

https://www.facebook.com/notes/wake-up-women/role-of-muslim-women-in-freedom-movement/164987506883565/

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર મુસ્લિમ વીરો

## અઝીમુલ્લા મૌલવી



- અઝીમુલ્લા ખાન દ્વારા પહેલા સ્વાતંત્ર સંગ્રામમાં અંગ્રેજો વિરૂધ્ધની રણનીતી ઘડવામાં મોટો ફાળો આપેલ છે. જેના માટે નાના સાહેબ દ્વારા તેમને ઇંગ્લેન્ડ મોકલવામાં આવ્યા હતા કે જેથી તેઓ અંગ્રેજોની રાજનિતી વિશે જાણકારી મેળવી શકે અને ભારતમાં આવીને યોગ્ય રણનિતી બનાવી શકે. https://en.wikipedia.rog/wiki/Azimullah_Khan
- ઇંગ્લેન્ડથી પરત આવીને તેમણે નાનાસાહેબ અને પાડોશી રજવાડાઓને ટપાલ લખીને ૧૮૫૭ની આઝાદીની લડાઇ માટે એક થવાની હાકલ કરી.
- નાના સાહેબ, ઝાંસીની રાણી, તાત્યા ટોપે, બેગમ હજરત મહાલ, હફરોઝશાહ ઝફર વિગેરેને પહેલા સ્વાતંત્ર સંગ્રામમાં અઝીમુલ્લા ખાન દ્વારા મદદ કરવામાં આવી હતી. @Muslim Freedom Fighter APP)
- તેમના દ્વારા પયામ-એ-આઝાદી નામનું સમાચાર પત્ર તૈયાર કરવામાં આવ્યું અને લોકોને ભારતની આઝાદી માટે એક થઇને લડવા માટે તૈયાર કર્યા.
- ૧૮૫૯માં ભારતની આઝાદી માટે લડતાં લડતાં તેઓ શહીદ થયા.

## લિયાકત અલી



- મૌલવી લિયાકતઅલી ઉત્તરપ્રદેશના અલ્હાબાદના એક મુસ્લિમ ધર્મગુરુ હતા. ૧૮૫૭ની લડતના તે પણ એક લડવૈયા હતા અને વહાબી આંદોલન સાથે પણ જોડાયેલા હતા. જે (વહાબી આંદોલન ભારતની આઝાદીમાટે મુસ્લિમો દ્વારા ચલાવવામાં આવેલ એક ચળવળનો ભાગ હતો.) તેમનો જન્મ ૫ ઓક્ટોબર, ૧૮૧૭માં અલ્હાબાદ જિલ્લાના મહાંગામમાં થયો હતો. સ્વભાવે તેઓ પ્રામાણિક અને બહાદુર તેમજ સરળ સ્વભાવના માણસ હતા પરંતુ સ્વાતંત્ર્ય સંગ્રામની લડત સાથે જોડાયા બાદ તે બ્રિટીશોના ભયંકર દુશ્મન બની ગયા હતા. https://en.wikipedia.rog/ wiki/Maulvi_ Liaquat_Ali

- નાનપણથી જ તેમનામાં દેશદાઝ હતી. તેમણે બ્રિટીશ આર્મીમાં નોકરી મેળવી અને જે ભારતના સૈનિકો અંગ્રેજો માટે નોકરી કરતા હતા તેમને ભારત માટે લડવા સમજાવવાનું કામ શરૂ કર્યું પરંતુ ત્યારબાદ અંગ્રેજોએ તેમની આર્મીમાંથી હકાલપટ્ટી કરી. ત્યારબાદ તેમણે અલ્હાબાદમાં એન્ટી બ્રિટીશ મંડળો બનાવ્યાં. તેમના સાથીઓ સાથે તેમણે ખુશરો બાગમાં હુમલો કર્યો અને પોતાને મોગલ બાદશાહના પ્રતિનિધિ જાહેર કરીને ખુશરો બાગ ઉપર કબજો જમાવીને ત્યાં પોતાનું હેડ કવાર્ટર બનાવ્યું. તેમણે લખેલ ક્રાંતિ ગીત પયામ-એ-અમિ પયામ-એ-આઝાદી નામના પત્રમાં છાપવામાં આવ્યું જેનાથી દરેક હિન્દુ-મુસ્લિમ, શીખ અને અન્ય ધર્મના લોકો સંવેદનશીલ બન્યાં.

- જનરલ નેલ અને તેમના અંગ્રેજ સૈનિકોના કાફલાએ ૧૧ જુન ૧૮૫૭ ના દિવસે લિયાકત અલીના હેડક્વાર્ટર ઉપર હુમલો કર્યો. લિયાકત અલીએ તેમની સામે ટક્કર ઝીલી ને ત્યારબાદ ત્યાંથી છટકી ગયા. અગ્રેજ સરકારે તેમના માથા માટે મોટી રકમ ઈનામમાં આપવાનું જાહેર કર્યુ. ત્યારબાદ ૧૪ વર્ષે તેઓ પકડાયા અને તેમને આંદામાન જેલમાં મોકલવામાં આવ્યાં. ૧૭ મે ૧૮૯૨માં તેઓ ચીર વિદાય પામ્યાં. @Muslim Freedom Fighter Apps

## બાદશાહ બહાદુરશાહ ઝફર



- મુઘલ બાદશાહ બહાદુરશાહનો જન્મ ૨૪ ઓક્ટોબર ૧૭૭૫ માં થયો હતો. તેમના પિતા અકબર શાહ બીજો ૧૪મા મુઘલ બાદશાહ હતા. તેમની માતાનું નામ લાલબાઈ હતુ. તેમણે માર્શલ આર્ટસની તાલીમ મેળવેલી હતી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો.

- ભારતના સૈનિકો કે જેમણે અંગ્રેજો વિરૂધ્ધ આઝાદી માટે યુધ્ધ જાહેર કર્યું હતુ તે ૧ મે ૧૮૫૭ ના રોજ મેરઠથી લાલ કિલ્લામાં આવ્યાં.

- ૧૨મી મે બહાદુરશાહે પોતાના દરબારમાં આવેલ સૈનિકોમાંથી દરેકની આવડત અને કાબેલીયત મુજબ ચોક્કસ જવાબદારી સાથે નિયુક્તી કરીને જવાબદારીઓ સોંપી અને હિન્દુ અને મુસ્લિમ સૈનિકો સાથે બળવા માટે ચોક્કસ પગલાં ભર્યા બહાદુરશાહે દરેક સૈનિકને દિલ્હીની બહાર એકઠા કર્યા.

- ત્યાર બાદ તારીખ ૧૪ સપ્ટેંબરના રોજ સુધી ૭૨ વખત બન્ને ફોજ વચ્ચે ધમાસાણ યુધ્ધ

થયું પરંતુ અંગ્રેજ સૈનિકો આખરે લાલ કિલ્લામાં પ્રવેશી ગયા અને ૧૯ સપ્ટેંબર ૧૮૫૭ ના રોજ દિલ્હી કિલ્લો કબજે કર્યો. તારીખ ૨૧ સપ્ટેંબર ૧૮૫૭ના રોજ હુમાયુંના મકબરામાં આવીને બહાદુરશાહ ઝફર અને તેમના કેટલાક પરિવારના સભ્યો સાથે અંગ્રેજોએ તેમને કેદ કરીને ૮ ડિસેમ્બર ૧૮૫૮ માં રંગુન જેલમાં મોકલ્યાં.

- જેલમાં બહાદુરશાહ અને તેમના પરિવારને ખુબ જ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો પડયો. આખરે ૭ નવેમ્બર ૧૮૬૨ના રોજ તેઓ મૃત્યુ પામ્યા. તેમણે લખેલી આખરી પંક્તિઓ દરેકને યાદ હશે. ‘‘કિતના બદનસીબ હે ઝફર, દફન કે લીએ દો ગઝ જમીન ભી ના મિલી કુએ યાર મે.’’ @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## ગાઝીઓ



- સીકંદરાબાદના ૨૦૦૦ ગાઝીઓ કે જેમણે ભારતની આઝાદી માટેની લડત લડવામાં પોતાનો ફાળો આપ્યો. વધારે માહિતી મેળવી શક્યા નથી. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## બખ્તર ખાન



- રોહિલાખંડના સેનાપતી એવા બખ્તરખાનનો જન્મ ૧૭૯૭ માં થયો હતો. તેમની માતાના વંશ તરફથી તેઓ અવધના શાસનકર્તા પરિવાર સાથે સંબધો ધરાવતા.
- અંગ્રેજોએ અવધ ઉપર કબજો ૧૮૫૬માં જમાવ્યો.
- બહાદુરશાહ ઝફરે જયારે તેમના દરબારમાં વિવિધ લોકોને યોગ્ય જવાબદારીઓ સોંપીને તેમને ભારતીય લશ્કરમાં એક મહત્વનો હોદ્દો આપ્યો જેમાં બખ્તખાનનો સમાવેશ થયો. તેમણે અંગ્રેજોના કમાન્ડરને ખાન બહાદુર ખાનના સાથ સહકારથી રોહિલાખંડમાં પરાસ્ત કર્યો. તેમણે અંગ્રેજોના ખજાનાને લુંટયો અને દિલ્હી આવી ગયા. તેઓ માનતા હતા કે એ પુરતુ નથી કે અંગ્રેજોને માત્ર દિલ્લીથી દુર કરવા પરંતુ તેઓ તેમને ભારતમાંથી પણ દુર કરવા જોઈએ તેવુ ઈચ્છતા.

- અંગ્રેજો સામે ભારતની પ્રથમ સ્વાતંત્ર્યની લડાઈમાં બખ્ત ખાન બહાદુરી પૂર્વક લડતા ૧૩ મે ૧૮૫૯ના દિવસે શહીદ બન્યાં. આ ઉપરાંત પણ તેમણે ઘણાં યુધ્ધો સફળતા પૂર્વક લડયા હતા. @Muslim Freedom Fighter App

## પીર અલી



- તેમના પીતાનું નામ મેહરઅલી ખાન હતુ. પીર અલીખાન ૧૮૨૦માં આઝમગઢ જિલ્લાના મોહમ્મદપુર ગામમાં જન્મ્યાં હતા.
- જ્યારે સત્તરવર્ષના હતા ત્યારે તેમણે તેમનું વતન છોડ્યું ત્યારબાદ તેમણે પર્સીયન, અરેબીયન, અને ઉર્દુ ભાષામાં પોતાનું પ્રભુત્વ મેળવીને પટણાંમાં એક પુસ્તક વિક્રેતા તરીકે પોતાની છાપ મેળવી અને અંગ્રેજોના વિરોધી તરીકે ઉભરી આવાં.
- તેમણે એક અંગ્રેજ સૈનિક સાથે સાંઠ ગાંઠ કરીને તેમની પાસેથી હથિયારો મેળવીને તેમના સાથીદારોને એકઠા કરીને દાનાપુર અંગ્રેજોના કેમ્પ ઉપર હુમલો કરવાની યોજના બનાવી.
- તે માટે તેમની અને તેમના અન્ય ૪૩ સાથીદારોની અંગ્રેજોએ ૪ જુલાઇ ૧૮૫૭ માં ધરપકડ કરીને જેલમાં પુર્યાં.
- તેમના પર કેસ ચલાવવામાં આવ્યો અને તેમની અગાઉ પટણામાં થયેલ ચળવળોમાં પણ કામગીરી આંકવામાં આવી અને તેમને તેમના કુલ ૯ સાથીદારો સાથે ૭ જુલાઇ ૧૮૫૭ના રોજ ફાંસી આપવામાં આવી.
- તેમને તેમના મનસુબા અને તેમના સાથીદારોના નામ સરનામાં કહેવા માટે ખુબજ તંગ કરવામાં આવ્યાં પરંતુ તેમનું કહેવુ હતુ કે તેમના શરીરમાંથી બધુ લોહી ઘાયલ કરીને કાઢી નાંખવામાં આવશે તો પણ તે કાંઈ પણ બોલવાના નથી.
- તેમના મુખેથી નિકળેલા અંગ્રેજો માટે છેલ્લા શબ્દો એ હતા જે નીચે મુજબ છે. ''તમે મને મારી નાંખો પણ એટલું યાદ રાખજો કે તમે કે તમારી કોઈપણ શક્તિ કે સત્તા આ માટીમાંથી જન્મેલા તેના કોઈ પણ દીકરાને દબાવી શકશો નહીં. તે દરેક તેમની માતૃભૂમિને આઝાદ કરવા માટે તેમનું લોહી રેડી દેશે. અંગ્રેજો અમારા દ્વારા સળગાવવામાં આવેલ આઝાદીની જ્યોત દ્વારા ચોક્કસ તમને આ દેશમાંથી હાંકી

કાઢવામાં આવશો.'' પીરઅલીખાનના આ છેલ્લા શબ્દો વીલીયમ ટેઇલર દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યાં હતા. @Muslim Freedom Fighter App @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## મિયાં અહમદશાહ, અબ્દુલ અકબરખાન, સરફરાઝખાન, શાહનવાઝ ખાન



ભારત દેશની આઝાદીની ચળવળો માટે જવાહરલાલ નેહરૂ સાથે જેલવાસ ભોગવનાર. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## મૌલવી અલ્લાઉદ્દીન



- મૌલવી અલ્લાઉદ્દીન એ સમયનાં આગળ પડતા અંગ્રેજો સામે લડનાર ક્રાંતિકારી હતા. જેમનો જન્મ હૈદરાબાદ રાજ્યમાં થયો હતો. તેમના દ્વારા બળવાની શરૂઆત ઔરાંગાબાદમાંથી કરવામાં આવી હતી જેના બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી. સૈયદ અલ્લાઉદ્દીન હૈદર મૌલવી અલ્લાઉદ્દીન તરીકે ઓળખાતા. તેઓ હૈદરાબાદની મક્કા મસ્જીદના ઈમામ પણ હતા. ૧૭ જુલાઇ ૧૮૫૭ ના રોજ બ્રિટીશ રેશીડેન્સી પર હુમલો કર્યો ત્યારબાદ તે ભારતમાં પ્રખ્યાત હતા.કાળાપાણીની સજા પામનાર ભારતના પ્રથમ કેદી મૌલવી અલ્લાઉદ્દીન હતા. https://en.wikipedia.rog/wiki/Maulvi_Allauddin
- ત્યારબાદ તેમણે હૈદરાબાદથી લડાઇ લડવાનું શરૂ કર્યું. હૈદરાબાદના લોકોએ અને ત્યાંના લડવૈયાઓએ નિઝામનો સખત વિરોધ કર્યો કારણ કે નિઝામ લડવૈયાઓને મુક્ત કરાવવામાં નિષ્ફળ રહ્યાં. તે દિવસે સાંજે ૪ વાગ્યાં પછી ૫૦૦ જેટલા લોકોએ મૌલવી અલ્લાઉદ્દીન અને પઠાણ તૌરબાઝખાનના આગેવાની પણાની નીચે અંગ્રેજોના રહેણાંક વિસ્તારમાં સશસ્ત્ર હુમલો કર્યો.
- તે સમયમાં અંગ્રેજોને ખબરી અને તેમના મિત્રો દ્વારા આ અચાનક કરવામાં આવનાર હુમલાની ભાળ અગાઉથી મળતા અંગ્રેજો ત્યાંથી પલાયન થવા લાગ્યા. મોડી રાત સુધી બન્ને

બાજુથી ફાઈરીંગ ચાલુ રહ્યાં ત્યારબાદ ઘણાંને પકડીને જેલમાં નાંખવામાં આવ્યા. મૌલવી અલ્લાઉદ્દીન ત્યાંથી નાસી છુટવામાં સફળ રહ્યાં.

- અગ્રેજોએ તેમના માટે એ સમયે ૪ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું. બે વર્ષ પછી તેમની ધરપકડ થઇ અને તેમને આંદામાન જેલમાં મોકલવામાં આવ્યાં. ૨૫ વર્ષ જેલમાં વિતાવ્યા બાદ ૧૮૮૪માં તેઓ મૃત્યુ પામ્યા. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## સર સૈયદ એહમદ બરેલવી



- સર સૈયદ એહમદખાન એ વહાબી આંદોલનના પ્રખર કાર્યભાર સાંભાળનાર વ્યક્તિ હતા. વહાબી આંદોલન ભારતદેશની આઝાદી માટે ૧૯મી સદીમાં ચલાવવામાં આવેલ મહત્વના આંદોલનોમાંથી એક ચળવળ હતી.

- અંગ્રેજ સરકાર સામે મોરચો બનાવીને ભારતની આઝાદી માટે વહાબી આંદોલનથી મુસ્લીમો દ્વારા એક મહત્વની લડત લડવામાં આવી જેનું નેતૃત્વ સર સૈયદ એહમદ બરેલવી દ્વારા ચલાવવામાં આવ્યું. જેમણે અબ્દુલ વહાબ દ્વારા શિક્ષણ મેળવેલ હતુ. વહાબી ચળવળે આવશ્યકપણે ઈસ્લામમાં તમામ ફેરફારો અને નવીનતાઓની નિંદા કરી. તે એક પુનરુત્થાનવાદી ચળવળ હતી, જેમાં એવું માનવામાં આવ્યું હતું કે ઈસ્લામની સાચી ભાવના તરફ પાછા આવવું એ સામાજિક-રાજકીય જુલમમાંથી છૂટકારો મેળવવાનો એકમાત્ર રસ્તો છે. http://www.indianetzone.com/30/wahabi_movement_indian_freedom_movement.htm

- આ ચળવળ દ્વારા સામાજીક અને રાજકીય રીતે દરેક સમાજ જોડાયેલ અને ભારતની આઝાદી માટે પોતાના બલિદાનો આપ્યા.

## શેર અલી



- લોર્ડ મેયોની હત્યા કરનાર મોહમ્મદ શેર અલી ૧૮૪૨માં પેશાવરમાં જન્મ્યા હતા. તેઓ તેમની યુવાન વયે વહાબી આંદોલનથી પ્રેરાયા હતા અને તેમની દેશદાઝ ચરમસીમાં પર પહોંચી.

- શેર અલીએ ૧૮૬૦ ના દાયકા દરમિયાન પંજાબ

માઉન્ટેડ પોલીસમાં બ્રિટીશ વહીવટ માટે કામ કર્યું હતું. તે ખૈબર એજન્સીમાં તિરાહ ખીણમાાંથી આવ્યા અને પેશાવર કમિશનર માટે કામ કર્યું. તેમણે અફલાલમાં બ્રિટીશરોને કેવેલરી રેજિમેન્ટમાં સેવા આપી હતી. તેમણે મેજર હ્યુજ જેમ્સની પેશાવરમાં એક કેવેલરી ટુકડી તરીકે કામ કર્યું હતું અને રેનવેલ ટેલર માટે માઉન્ટ કમાન્ડમેન્ટ તરીકે કામ કર્યું હતું, જેણે તેમની સારી કામગિરી બદલ શેર અલીને ઘોડો, પિસ્તોલ અને પ્રમાણપત્ર આપ્યું હતું. શેર અલીનું વ્યક્તિત્વ યુરોપિયનોમાં લોકપ્રિય બન્યું હતું. ટેલરના બાળકોની કાળજી લેવાનું કામ પણ તેઓ કરતા. પરિવારના કંકાસમાં તેમણે હૈદર નામના પોતાના સંબંધીને પેશાવરમાં મારી નાખ્યા અને તેમને ૨ એપ્રિલ ૧૮૬૭ ના રોજ મૃત્યુદંડની સજા મળી. અપીલ પર, તેમણે ૨ એપ્રિલ ૧૮૬૮ માં ફાંસીની સજા ફરમાવવામાં આવી. જો કે તેમના સારા વર્તનને કારણે તેમની ફાંસીની સજાને જન્મટીપમાં ફેરવવામાં આવી અને તેમને અંદામાન મોકલી આપવામાં આવ્યા પરંતુ તેમને તેમની આ અક્ષમતા ઉપર સતત ચિંતા રહેતી હતી કે તેઓ તેમના દેશના દુશ્મનોને મારીને બદલો લઇ શક્યા નહિ.

https://en.wikipedia.rog/wiki/Sher_Ali_Afridi

- તેમના એક સાથીદાર સાથે મળીને તેમણે તેમની મહત્વકાંક્ષાને પુર્ણ બનાવવા માટે એક પ્લાન બનાવે જેના માટે તેમને વાળ કાપવાના સાધનો હથિયાર તરિકે વાપરવા માટે આપવામાં આવ્યાં. તેમાંથી તેમણે કાતર પોતાની પાસે રાખી મુકી. બસ ત્યારથી તે એક મોકો શોધતા હતા એજ અરસામાં લોર્ડ મેયો અંદામાન જેલની મુલાકાતે આવ્યો હતો. શેર અલીને મોકો મળતા જ તેમણે જેલમાં જ લોર્ડ મેયોનું ઢીમ ઢાળી દીધું અને તરબાદ પોતે પોતાનો ગુનો કોર્ટ સમક્ષ કબુલ્યો અને દરેકની સમક્ષ કહ્યું કે ''મેં મારી દરેક આશાઓને તરછોડી દીધી હતી જ્યારે મેં દેશની આઝાદીની લડાઇમાં જોડાવવાનું નક્કી કરી લીધુ હતુ. મેં ઓછામાં ઓછા દેશના એક દુશ્મનને તો મારી નાંખ્યો છે જે મારી જીંદગીની સફળતા છે. તમે દરેક લોકો આ મારા કામના સાક્ષી છો જ્યારે હું આખેરતમાં ખુદાને જવાબ આપીશ.''
- મોહમ્મદ શેર અલીને ફરીથી લોર્ડ મેયોના મર્ડર માટે ફાંસીની સજા આપવામાં આવી. તારીખ ૧૧ માર્ચ ૧૮૭૨ ના રોજ તેમને ફાંસીએ લટકાવવામાાં આવ્યાં.

ઈતિહાસકાર શેન્ટીમોય કહે છે કે ''શેર અલી તેમના પછીની પેઢી માટે એક ઉદાહરણ રૂપ ક્રાંતિકારી છે કે જેમણે પોતાના દેશ માટે શહીદી વ્હોરી.''

@Muslim Freedom Fighter Apps

## શૌકત ઉસ્માની અને મુઝફ્ફર અહમદ



- ૯ ઓગષ્ટ ૧૯૨૫ ના દિવસે કાકોરી સ્ટેશને અંગ્રેજોનો ખજાનો લુંટીને ક્રાંતિકારીઓને મદદ કરવા માટેની કામગીરી બદલ જેલવાસ ભોગવ્યો. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## નવાબ મોહસીનુમુલ્ક



- જેમનું મુળ નામ મહેંદી અલી હતું તેવા નવાબ મોહસીનુમુલ્ક ઉત્તરપ્રદેશના ઇટાવામાં તારીખ ૯ ડિસેમ્બર ૧૮૩૭ માં જન્મ્યાં હતા. તેમના પિતાનું નામ મિર જામીનઅલી હતુ. તેઓ ૧૭ વર્ષની ઉંમરે સરકારી સેવામાં જોડાયા હતા.
- ૧૮૬૭ માં, તેઓ પ્રાંતીય સિવિલ સર્વિસ પરીક્ષા માટે બેઠા અને સફળ ઉમેદવારોની યાદીમાં તેમનું નામ ટોચ પર હતું. ઉત્તર-પશ્ચિમી પ્રાંતોમાં તેમને ડેપ્યુટી કલેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તેમનું પ્રથમ પોસ્ટ ડિપાર્ટમેન્ટ કલેક્ટર તરીકે મીરઝાપુર જિલ્લામાં હતું (હાલમાં ઉત્તર પ્રદેશ). તેમના મોટા ભાઈ સૈયદ મીર ગુલામ અબ્બાસ હતા અને નાના ભાઈ સૈયદ અમીર હસન હતા. ૧૮૭૪ માં, સૈયદ મેહાદી અલી નિઝામની સેવામાં દાખલ થવા હૈદરાબાદમાં ગયા હતા. આશરે ૨૦ વર્ષથી તેમની પ્રશંસાપાત્ર સેવાઓ માટે, તેમને હૈદરાબાદના નિઝામ દ્વારા મુનીર નવાઝ જંગ અને નવાબ મોહસિન-ઉલ-મુલ્કનું ટાઇટલ આપવામાં આવ્યું હતું. આમ નિઝામ દ્વારા તેમને નવાબનો ખિતાબ આપવામાં આવ્યો.
  https://en.wikipedia.rog/wiki/Mohsin-ul-Mulk
- ત્યાંથી ૧૮૯૩માં તેઓ છુટા પડ્યા અને અલીગઢ આવીને સ્થાયી બન્યા. ત્યારબાદ તેઓ પોતે સર સૈયદ એહમદખાન દ્વારા સાંચાલીત ડેવલપમેન્ટ ઓફ ધ મોહમ્મદન એંગ્લો ઓરીએન્ટેલ કોલેજમાં જોડાયા.
- ૧૮૯૯માં તેમણે સમગ્ર કોલેજની કામગીરી અને જવાબાદારી સાંભાળી. તેમણે લોકોને સર સૈયદ એહમદખાનના વિચારો સાથે સાંકળવાનું શરૂ કર્યું. અંગ્રેજ સરકાર દ્વારા ઉર્દુ

ભાષાને પરદા પાછળ કરવાના કામના વિરોધમાં તેમણે ઘણાં કાર્યક્રમો કર્યા. ઉશ્કેરાયેલા અંગ્રેજોએ આ કોલેજને ફંડ આપવાનું બંધ કર્યું તેથી તેમણે મુસ્લિમ લિડરો સાથે મળીને મુસ્લિમો માટે ખાસ અલગ સંસ્થા કે પીઠબળ બનાવવા માટે વિચાર્યું અને ત્યારબાદ ૧૯૦૬માં ઢાકામાં મળેલ એક કોન્ફરન્સ દ્વારા મુસ્લિમ લીગનો વિચાર અસ્તિત્વમાં આવ્યો. @Muslim Freedom Fighter Apps

## બદરૂદ્દીન તૈયબજી



- બદરૂદ્દીન તૈયબજી ૧૦ ઓક્ટોબર ૧૮૪૪માં મુંબઈમાં જન્મ્યાં હતા. તેમના પિતાનું નામ તૈયબઅલી હતુ. તેઓ સુલેમાની બોહરા જમાતના મુસલમાન હતા. તેમણે તેમના ૭ દિકરાઓને યુરોપ અભ્યાસ માટે મોકલ્યા હતા. આ સમયે અંગેજી શિક્ષણ મેળવવું ખુબ જરૂરી બન્યું હતું. બદરૂદ્દીન ૧૮૬૭માં ભારતના પ્રથમ સોલીસીટર બનીને પરત ફર્યા અને ભારતની આઝાદીની લડમાં જોડાયા.
- ૧૮૯૫માં તેમણે મુંબઈ હાઈકોર્ટમાં જજ તરીકે કામ સ્વીકાર્યું. તેઓ પ્રથમ ભારતીય વ્યક્તિ હતા કે જેમણે આ પદ મેળવ્યું હોય. તેમના જીવનકાળ દરમિયાન તેમણે ભારતની આઝાદી માટે લડતા મુસ્લિમોને અને અન્ય ધર્મના લોકોને દિશા નિર્દેશ કરવાનું કામ હાથમાં લીધું. https://en.wikipedia.rog/ wiki/Badruddin_Tyabji

## બેરીસ્ટર અબ્દુલ રસુલ



- ૧૮૭૨ માં જન્મેલા અબ્દુલ રસુલ બંગાળના ભાગલા ના સખત વિરોધી અને ભારતની આઝાદીની ચળવળના ક્રાંતિકારી હતા. તેમના પીતા બંગાળના જમીનદાર હતા.
- વર્ષ ૧૮૯૮ માં તેઓ ઇંગ્લેન્ડથી કાયદાની ડિગ્રી મેળવીને ભારત પરત આવ્યા. તે બંગાળના પ્રથમ ડિગ્રી મેળવનાર વ્યક્તિ બન્યાં.
- તેઓ લોકોને બંગાળના ભાગલા પાડનાર લોર્ડ કર્ઝનની કુટનિતીઓ અને તમામ અંગ્રેજોની ચાલો વિશે સમજાવતા અને તેમની વિરૂધ્ધ હિન્દું અને મુસ્લિમોએ સૌહાર્દ

દાખવીને એક બીજાના મિત્રો બનીને લડવું જોઇએ એમ જણાવતા. જેના માટે તેમને અંગ્રેજોએ જેલમાં મોકલ્યા હતા.

- ૧૯૦૭ માં થયેલા કોમી તોફાનોમાં તેમણે જે તે સ્થળોની મુલાકાત લઇને હિન્દુ અને મુસ્લિમો સાથે મળીને રક્ષાબંધન ઉજવણી કરી અને પરસ્પર એક બીજાની રક્ષાં કરવા માટે જણાવ્યું.
- ૧૯૧૬ માં એની બેસેન્ટ દ્વારા ચલાવવામાં આવેલ હોમ રૂલ આંદોલનમાં તેમનો મહત્વનો ફાળો હતો. તેમની એવી ઈચ્છા હતી કે તેમના અંતિમ સંસ્કાર વખતે તેમની કાંડા ઘડીયાળ હોમરૂલ આંદોલનની નિશાની રૂપે તેમની સાથે રાખવામાં આવે અને ત્યારબાદ ૧૯૧૭માં તેઓએ દુનિયાથી વિદાય પામ્યાં. @Muslim Freedom Fighter Apps

## બેરીસ્ટર અસફ અલી



- મોહમ્મદ અસફ અલી કે જેમણે ભારતની આઝાદી માટે કાયદાકીય રીતે લડત કરીને પોતાનું યોગદાન આપ્યું. ભગતસિંહ અને આઝાદ હિંદ ફૌઝના સિપાહીઓને બચાવવા માટે તેમણે ખુબ મહેનત કરી હતી. તેમનો જન્મ ૧૧ મે ૧૮૮૮ માં નગીના ગામમાં કે જે ઉત્તર પ્રદેશના બીજનોર જિલ્લામાં આવેલ છે. તેમણે તેમની કાયદાકીય કારકિર્દી માટે લંડનમાં અભ્યાસ કર્યો અને દિલ્હીમાં કામ શરૂ કર્યું. હોમરૂલ આંદોલનની લડત ચલાવતા એની બેસંટ દ્વારા તેઓ રાજકારણમાં આવ્યા.
- તેમણે અરૂણા ગાંગુલી સાથે લગ્ન કર્યા અને જે ત્યારબાદ ભારતની આઝાદીની લડતમાં યોગદાન આપનાર અરૂણા અસફઅલી તરીકે ખ્યાતી પામ્યા. અંગ્રેજ સરકારે તેમના ભાષણો અને લખાણો ઉપર પ્રતિબંધ લગાવ્યો ત્યારે તેમણે કાયદાકીય લડાઇ શરૂ કરી. ભારતની આઝાદી માટેની લડાઈમાં ભાગ લેવા માટે આસીફઅલીને ૧૮ મહિના માટે જેલમાં રહેવું પડ્યું. ત્યારબાદ તેમણે મુસ્લિમ લીગ સાથે જોડાણ કર્યું અને આઝાદી માટેના ઠરાવો બનાવવા માટે પોતાનું મહત્વનું યોગદાન આપ્યું.
- ૧૯૧૯ માં ભારત માટે નવું બંધારણ બનાવવા માટેની પ્રક્રિયામાં પણ તેમણે મહત્વનો ફાળો આપ્યો. ભારતના ભાગલા કરવાના તેઓ પ્રખર વિરોધી રહ્યાં. તેઓ ૧૯૪૫ માં

પંડિત નેહરૂ દ્વારા સંભાળવામાં આવનાર કેબીનેટના મંત્રી ચુંટાઈને આવ્યા. ત્યારબાદ પણ તેમણે આઝાદ ભારત માટે બનાવવામાં આવનાર બંધારણમાં પોતાનું યોગદાન આપ્યું. @ Muslim Freedom Fighter Apps

- ૧૯૧૪ માં, ઓટ્ટોમન સામ્રાજ્ય પર બ્રિટીશ હુમલો ભારતીય મુસ્લિમ સમુદાય પર મોટી અસર પડી હતી. અસફ અલીએ ટર્કીશ બાજુનો ટેકો આપ્યો હતો અને પ્રિવી કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે આને બિન સહકારના એક કાર્ય તરીકે જોયું અને ડિસેમ્બર ૧૯૧૪ માં ભારત પાછા ફર્યા. ભારત પરત ફર્યા બાદ, અસફ અલી રાષ્ટ્રવાદી ચળવળમાં ઘણાં સામેલ થયા.

- તેઓ ૧૯૩૫ માં મુસ્લિમ નેશનાલિસ્ટ પાર્ટીના સભ્ય તરીકે સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલી તરીકે ચૂંટાયા હતા. મુસ્લિમ લીગના ઉમેદવાર સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેઓ ફરી ચૂંટાઈ આવ્યા હતા અને તેમને નાયબ નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન અસફ અલીને જેલમાં રાખવામાં આવેલા. તેમની ધરપકડ ઑગસ્ટ ૧૯૪૨ ના ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ સમિતિ દ્વારા અપનાવવામાં આવેલા 'ક્વિટ ઈન્ડિયા' ઠરાવને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તેમને અહમદનગર કિલ્લાની જેલમાં જવાહરલાલ નેહરુ અને અન્ય કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યો સાથે રાખવામાં આવ્યાં હતા. અસફ અલી દેશના સૌથી આદરણીય વકીલો પૈકીના એક બની ગયા હતા. વિવાદાસ્પદ વટહુકમના પેસેજ દરમિયાન ૮ એપ્રિલે ૧૯૨૯ ના રોજ મધ્ય વિધાનસભામાં બોમ્બ ફેંક્યા પછી તેમણે શહીદ ભગતસિંહ અને બટુકેશ્વર દત્તને વકીલ તરીકે બચાવ્યા હતા.

https://en.wikipedia.rog/wiki/Asaf_Ali

## નવાબ વકારૂલ મુલ્ક



- નવાબ વક્કારૂલ મુલ્કનો જન્મ ૨૪ માર્ચ, ૧૮૪૧ ના રોજ મુરાદાબાદ, ઉત્તર પ્રદેશમાં થયો હતો. તેમણે જે સરકારી શાળામાં અભ્યાસ કર્યો તેમાંજ તેઓ શિક્ષક તરીકે જોડાયા.

- તેઓ માનતા હતા કે મુસ્લિમોએ જો સક્ષમ થવું હોય તો તેના માટે શિક્ષણ એ એક અગત્યનું પાસું છે.

- સરકારી નોકરી બાદ હૈદરાબાદના નિઝામ સાથે કામમાં જોડાયા ત્યારે નિઝામે તેમના કામથી ખુશ થઈને તેમને નવાબની પદવી આપી.
- ૧૮૬૧માં તેઓ સર એહમદખાન સાથે જોડાયા અને તે મોહમ્મદન કોલેજની સ્થાપનાની કામગીરીથી પ્રભાવિત થયા.
- ૧૮૭૫માં નવાબના કહેવાથી તેઓ હૈદરાબાદના વર્ગ ૧ ના અધિકારી તરીકે કામગીરીમાં જોડાયા. તેમની કામગીરીથી પ્રભાવિત થઈને નવાબે તેમને હૈદરાબાદના કાયદાના પ્રભારી બનાવ્યા. તેમણે ૧૮૭૮માં કાયદામાં સુધારો કરવા માટે નવાબને પ્રસ્તાવ કર્યો.
- ભારતની આઝાદીમાં મુસ્લિમોનું પ્રતિનિધીત્વ વધારવા માટે અને શિક્ષીત બનવા માટે પ્રેરણા આપનાર વક્કારૂલ મુલ્ક જાન્યુઆરી ૧૯૧૭માં મૃત્યુ પામ્યાં.

## મૌલાના હસરત મોહાની



- મૌલાના હસરત મોહાનીનો જન્મ ઉત્તરપ્રદેશ રાજ્યના ઉન્નાઉ જિલ્લાના મોહન ગામમાં વર્ષ ૧૮૭૫માં થયો હતો. જેથી તેમને મોહાની બિરૂદ અપાયું. તેમનું મુળ નામ ફઝલુલ હસન હતુ. તે સારામાં સારા ગઝલોના કવિ અને નિડર વક્તા હતા. તેમણે ગાઢ કૃષ્ણ ભક્તિના ગીતો લખ્યા છે અને તેઓ ઘણી વાર કૃષ્ણ જન્માષ્ટમી ઉજવવા માટે મથુરા જતા હતા. હસરાત મોહાનીએ ભારતીય સ્વતંત્રતા માટે સંઘર્ષમાં ભાગ લીધો હતો અને બ્રિટીશ સત્તાવાળાઓ દ્વારા ઘણાં વર્ષો સુધી તેમને જેલમાં રાખવામાં આવ્યા. તેઓ ભારતીય ઈતિહાસમાં પ્રથમ વ્યક્તિ હતા જેમણે ૧૯૨૧ માં 'પૂર્ણ સ્વતંત્રતા' (આઝાદી-એ-કામિલ) ની માગણી કરી હતી. તેમણે ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગના વાર્ષિક સત્રની અધ્યક્ષતા કરી હતી અને તે પ્રેમાળ મુસ્લિમ વ્યક્તિ હતા. https://en.wikipedia.rog/ wiki/Hasrat_Mohani
- ભારતની આઝાદી માટે તેમણે ઘણાં નિડરતા પુર્વક ભાષણો આપ્યા અને જેનાથી લોકોમાં આઝાદીનું જોમ પુર્યુ. અભ્યાસ પછી તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં શિક્ષક બન્યાં. ગુલામ અલીની પ્રખ્યાત ગઝલ 'ચૂપકે ચૂપકે રાત દિન આંસૂ બહાના યાદ હૈ' એ મૌલાના હસરત મોહાનીના લખેલ શબ્દો છે.

- પોતાના રાજકારણની કારકિર્દીમાં તેમનું એક જ સપનું હતુ કે ભારતમાં ચાલતા દરેક આઝાદીને લગતા કામોમાં પોતાનું યોગદાન આપવું અને અંગ્રેજોને ભારતમાંથી ખસેડવા.
- ઉર્દુ એ મૌલાના દ્વારા ઇજીપ્તમાં અંગ્રેજ સરકાર વિરૂધ્ધ ભારે ઉહાપોહ મચાવ્યો જેથી અંગ્રેજોએ તેમના માટે કડક પગલા ભર્યા. ૧૩ મે ૧૯૫૧માં લખનઉ મુકામે તેમનું અવસાન થયુ.

## મૌલાના અબુલ કલામ આઝાદ



- મૌલાના અબુલ કલામ આઝાદ કે જેમણે ભારતની આઝાદીની લડતમાં મહત્વનો ફાળો આપ્યો. તેમનો જન્મ મક્કા શહેરમાં ૧૧ નવેમ્બર ૧૮૮૮માં થયો હતો.
- તે ઉર્દુ, અરબી, પર્શીયન અને તુર્કી ભાષાના જાણકાર હતા. ૧૨ વર્ષની ઉંમરમાં જ તેમણે તેમનું પોતાનું મેગેઝીન નૈરંગ એ આલમ શરૂ કર્યું.
- આઝાદી માટે તેઓ હિંસા સામે હિંસાનું સમર્થન કરતા હતા કે જ્યાં સુધી અંગ્રેજો સાથે યુદ્ધ ન કરવામાં આવે ત્યાં સુધી તેમને ભારત દેશમાંથી બહાર કરી શકાય નહી. આ સમયગાળામાં તેમણે પોતાના એવા ક્રાંતિકારી મંડળો પણ ઊભા કર્યા હતા. પરાંતુ જ્યારથી તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યાં ત્યારથી તેમના યુધ્ધના વિચારો બદલાઈ ગયા અને તેઓ અહિંસામાં માનતા થઇ ગયા.
- તેઓ હંમેશા ભારતના લોકોને ભારતની આઝાદી માટેની ચળવળ માટે સંવેદનશીલ બનાવતા. આ સમય દરમિયાન તેમના દ્વારા પ્રકાશીત કરવામાં આવતા પ્રકાશનો પર અંગ્રેજ સરકારે પ્રતિબંધ પણ મુક્યો હતો.
- ૧૯૩૯ થી ૧૯૪૮ સુધી તેઓ ભારતીય નેશનલ કોંગ્રેસના અધ્યક્ષ હતા. તેઓ અલગતાવાદીઓના પ્રખર વિરોધી હતા. તેઓ માનતા હતા કે ભારતની આઝાદી માટે હિન્દુ અને મુસ્લિમ બન્ને કોમના લોકોએ સાથે જ રહેવુ જોઇએ.
- ભારતની આઝાદી પછી તેઓ ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી બન્યા અને શિક્ષણનો વ્યાપ વધારવા માટે ખુબ જ સારા એવા પ્રયત્નો કર્યા. ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮ ના રોજ મૌલાના અબુલ કલામ આઝાદ મૃત્યુ પામ્યાં. @Muslim Freedom Fighter Apps

## ઓબેદુલ્લા સિંધી



- મૂળ શીખ કુટુંબમાં જન્મેલા ઓબેદુલ્લા સિંધીનો જન્મ ૧૦ માર્ચ, ૧૮૭૨માં સીયાલકોટ જિલ્લાના ચીયાનવાલી ગામમાં થયો હતો. ૧૭ વર્ષની ઉંમરે તેમણે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને દારૂલ ઉલુમ દેવબંદમાં પ્રવેશ મેળવીને તેમના પ્રિન્સીપાલ મૌલાના મોહમ્મદુલ હસનથી પ્રભાવીત થઇને પોતાની જાતને અંગ્રેજોના દુશ્મન જાહેર કરી.
- સમય જતા તેમણે ૧૯૧૬ માં કાબુલમાં રાજા મહેન્દ્ર વર્મા અને પ્રોફેસર બરકતુલ્લા દ્વારા બનેલી પ્રથમ કામચલાઉ ભારત સરકારમાં ઉચ્ચ કક્ષાનું મત્રી પદ મેળવ્યું.
- ''રેશ્મી કાગળના કાવતરા'' તરીકે ઓળખાવનારી ઘટનામાં તેમની મુખ્ય ભૂમિકા હતી. એટલે અંગ્રેજ સરકારે તેમને અંગ્રેજો માટે એક ખતરનાક વ્યક્તિ જાહેર કર્યા.
- તેઓ ભારતના ભાગલા પાડવાના સખત વિરોધમાં હતા અને હંમેશા દરેક ધર્મ અને વર્ગના લોકો સાથે ભારતમાં રહે તેવા વિચારો દર્શાવતા.
- તેમણે આ સમયમાં ભારત માટે એક બંધારણ લખીને જવાહરલાલ નેહરૂને આપ્યું હતુ. તેઓ આઝાદ ભારત જોઇ શક્યા નહિ કે જેના તેમણે સ્વપ્નોજોયા હતા. ૨૨ ઓગષ્ટ ૧૯૪૪ માં તેઓ મૃત્યુ પામ્યા.@Muslim Freedom fighter Apps

## ખાન અબ્દુલ ગફાર ખાન



- જેમ ભારતમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તેવી જ રીતે ખાન અબ્દુલ ગફારખાન સરહદ પારના ગાંધી કહેવાયા. તેમનો જન્મ ૨ ફેબ્રુઆરી ૧૮૯૦માં થયો હતો.
- ભારતની સ્વતંત્રતાની લડાઇ માટે જેમ સુભાષચંદ્ર બોસે આઝાદ હિન્દ ફોજની રચના કરી હતી તેવી જ રીતે બાદશાહ ખાન ઉર્ફે ખાન અબ્દુલ ગફારખાન દ્વારા ''ખુદાઇ ખિદમતગાર'' નામના ક્રાંતિકારી સંગઠનની રચના કરવામાં આવી હતી જેના સભ્યો લાલ કલરના પોશાક ધારણ કરતા હતા. જેમાં કુલ ૧ લાખ કરતા વધારે સભ્યો હતા. જેમાં મુસ્લિમો સાથે અન્ય ધર્મના સભ્યો પણ હતા. ૨૩

એપ્રિલ ૧૯૩૦ ના રોજ, મીઠા સત્યાગ્રહમાંથી ઉદ્‌ભવતા વિરોધમાં ખાન અબ્દુલ ગફાર ખાનની ધરપકડ કરવામાં આવી હતી. પેશાવરની કિસા ખ્વાની (સ્ટોરી ટેલર્સ) બઝારમાં ખુદાઇ ખિદમતગારની એક ભીડ મળી હતી. બ્રિટીશરોએ તેમના સૈનિકોને નિઃશસ્ત્ર ભીડ પર મશીન ગનથી હુમલો કરવા આદેશ આપ્યો હતો, અંદાજે ૨૦૦-૨૫૦ ની હત્યા કરી હતી. ખુદાઇ ખિદમતગારના સભ્યોએ ખાન અબ્દુલ ગફાર ખાન પાસેથી મળેલી અહિંસાની તેમની તાલીમને આધારે કામ કર્યું હતું.

- મુસ્લિમ લીગ દ્વારા અલગ પાકિસ્તાન કરવાના નિર્ણયના તેઓ પ્રખર વિરોધી હતા. ખાને ભારતના ભાગલા માટે ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગની માંગનો વિરોધ કર્યો હતો. જ્યારે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે ખુદાઇ ખિદમતગારના નેતાઓની સલાહ લીધા વગર પાર્ટીશન યોજનાની સ્વીકૃતિ જાહેર કરી, ત્યારે તેમણે ખૂબ દુખ અનુભવ્યું અને કોંગ્રેસને કહ્યું કે ''તમે અમને વરુઓની જેમ ફેંકી દીધા છે.'' જૂન ૧૯૪૭ માં ખાન અને અન્ય ખુદાઇ ખિદમતગારોએ ભારત અને પાકિસ્તાન કરતા અલગ એવી માગણી કરી કે પશ્તુનને પાકિસ્તાનની સ્વતંત્ર રાજ્ય બનાવવા માટે પાકિસ્તાનના જોડાવાને બદલે બ્રિટીશ ભારતના તમામ પશ્તુન પ્રાંતોની રચના કરવાની સ્વતંત્ર સ્થિતિ આપવામાં આવે. જો કે, બ્રિટીશ રાજએ આ ઠરાવની માગણીનો પાલન કરવાનો ઈનકાર કર્યો હતો. પાર્ટીશન થયા પછી, ખાનને પાકિસ્તાનમાં રહેવું પડ્યું, પરંતુ ૧૯૪૮ અને ૧૯૫૪ ની વચ્ચે પાકિસ્તાની સરકાર દ્વારા તેમની વારંવાર ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૫૬માં, તેમને ફરી એક કાર્યક્રમના વિરોધ માટે ધરપકડ કરવામાં આવી હતી, જેના અંતર્ગત સરકારે તમામ પ્રાંતોમાં મર્જ કરવાની જાહેરાત કરી હતી. ખાને પોતાનો સમય ૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકામાં મોટાભાગે જેલમાં અથવા દેશનિકાલમાં ગુજાર્યો. પેશાવરમાં ૧૯૮૮ માં તેમના મૃત્યુ બાદ, તેમની ઈચ્છાને પગલે તેમને અફઘાનિસ્તાનમાં જલાલાબાદમાં દફનાવવામાં આવ્યા હતા. હજારો લોકોએ તેમની દફનવિધિમાં હાજરી આપી હતી, પેશાવરથી જલાલાબાદ સુધી ખૈબર પાસ દ્વારા કૂચ કરી હતી, જો કે તે ૧૫ લોકોના મોત થયા હતા. અફઘાનિસ્તાનમાં સોવિયેત યુદ્ધ દરમિયાન તે સમયે ભારે લડાઇ હોવા છતાં બંને પક્ષો, એટલે કે સામ્યવાદી સેના અને મુજાહિદ્દીન તેમની દફનવિધિને માંજૂરી આપવા માટે યુદ્ધ વિરામ જાહેર કર્યો.
- ભારતની આઝાદી માટે તેઓ હર હાંમેશ ગાંધીજી સાથે જોડાયેલા રહ્યાં છે.

https://en.wikipedia.rog/wiki/Bacha_Khan

## અશફાકઉલ્લાં ખાન



- પોતાના જીવને જોખમમાં મુકીને પોતાની માતૃભૂમિ માટે શહિદી લેનાર અશફાકઉલ્લાંખાન ૨૨ ઓક્ટોબર ૧૯૦૦માં ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં એક જમીનદાર પરિવારમાં જન્મ્યાં હતા.
- શફીકુલ્લાંખાન અને મજરૂન્નીશા બેગમ તેમના માતાપિતા હતા. તેમના માતાની પ્રેરણાં અને ઝંખનાને સાકાર કરવા માટે તેમણે સાહિત્યમાં રસ જગાવ્યો અને ઉર્દુ કવિતાઓ લખી. તે જ્યારે શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે જ તેમણે તેમની કવિતાઓમાં અંગ્રેજ સરકાર વિરૂધ્ધ લખાણો લખીને પોતાના દેશપ્રેમની ઝાંખી કરાવી.
- પોતાનો પરિચય તેમણે રામપ્રસાદ બિસ્મિલને આપ્યો અને તેમના દ્વારા ચાલતી ક્રાંતિકારી સંસ્થામાં જોડાવવા માટે પ્રસ્તાવ મુક્યો. શરૂઆતમાં રામપ્રસાદ બિસ્મિલ અશફાકઉલ્લાંખાનને તેમની સંસ્થામાં સભ્યપદ આપ્યું નહિ પરંતુ પછીથી રામપ્રસાદ બિસ્મિલ દ્વારા અશફાકઉલ્લાંખાનને તેમની સંસ્થામાં સભ્ય પદે નિયુક્ત કરવા માટે તૈયાર થયા. @Muslim Freedom Fighter Apps.
- ત્યારબાદ રામપ્રસાદ બિસ્મિલ અને અન્ય ક્રાંતિકારીઓ દ્વારા અંગ્રેજ સરકારના ખજાનાને કાકોરી રેલ્વે સ્ટેશને લુંટીને તેના દ્વારા પ્રાપ્ત થયેલ રકમને દેશની આઝાદી માટે લડતા ક્રાંતિકારીઓ માટે ખર્ચ કરવામાં આવશે એવુ નક્કી કરવામાં આવ્યું. જેમાં અશફાકઉલ્લાંખાન દ્વારા સક્રિય ભાગીદારી નોંધાવવામાં આવી. ક્રાંતિકારીઓનું માનવું હતું કે અહિંસાના નરમ શબ્દોથી ભારતને તેની સ્વતંત્રતા ન મળી શકે અને તેથી તેઓ ભારતમાં રહેતા બ્રિટીશરોના હૃદયમાં ભય ઊભો કરવા માટે બોમ્બ, રિવોલ્વર્સ અને અન્ય હથિયારોનો ઉપયોગ કરવા માગે છે. ભારત મોટા હતું, તેમ છતાં દેશની બિનઅનુભવી સેના અને રાજકીય વિભાગીકરણને કારણે માત્ર થોડા જ અંગ્રેજો ભારતને જીતજ શકે. સમગ્ર દેશમાં વિખેરાયેલા કોંગ્રેસના સંયુક્ત ક્રાંતિકારીઓના નેતાઓ દ્વારા બિન સહકાર ચળવળ શરૂ કરવામાં આવી અને નવી શરૂ થયેલી ક્રાંતિકારી ચળવળને ટેકો આપવા માટે નાણાંની જરૂર હતી. તેમના ચળવળને પ્રોત્સાહન આપવું અને તેમની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે હથિયારો અને દારૂગોળો ખરીદવા માટે, ક્રાંતિકારીઓએ ૮ ઓગસ્ટ, ૧૯૨૫ ના રોજ શાહજહાંપુર ખાતે બેઠક યોજી હતી. ઘણી ચર્ચા કર્યા પછી, ૮-ડાઉન સહારનપુરમાં લવાયેલા સરકારી ટ્રેઝરીને લૂંટવાનો નિર્ણય કરવામાં આવ્યો -

લખનૌ પેસેન્જર ટ્રેન ૯ ઓગસ્ટ, ૧૯૨૫ ના રોજ, અશફાકઉલ્લાં ખાન અને આઠ અન્ય ક્રાંતિકારીઓએ બિસ્મીલના નેતૃત્વમાં ટ્રેન લૂંટી. તેઓ વારાણસીથી રાજેન્દ્ર લાહિરી, બંગાળના સચિન્દ્રા નાથ બક્ષી, ઉન્નાથી ચંદ્ર શેખર આઝાદ, કલકત્તાના કેશબ ચક્રવર્તી, રાયબરેલીના બનારસી લાલ, ઇટાવાથી મુકુન્દી લાલ, બનારસના મન્મથનાથ ગુપ્તા અને શાહજહાંપુરથી મુરારી લાલ હતા.

https://en.wikipedia.rog/ wiki/Ashfaqulla_Khan

- તેના એક વર્ષ પછી તેમના જ ગામના એક બાતમીદાર દ્વારા અશફાકઉલ્લાં ખાનની દિલ્હીથી ધરપકડ કરાવવામાં આવી. અદાલતમાં જ્યારે આ કેસ ચાલતો હતો ત્યારે તેમણે રામપ્રસાદ બિસ્મિલને આ લુંટની તમામ જવાબદારી એકલા હાથે લેતા અટકાવ્યા અને પોતે પણ તેમના સાથી હતા તેમ જણાવ્યું.
- તેમણે લખી આપ્યું કે આ સમગ્ર લુંટમાં તેમનો પણ હાથ હતો. તારીખ ૧૯ ડીસેમ્બર ૧૯૨૭ ના રોજ તેમને ફૈઝાબાદ જેલમાં ફાંસીએ લટકાવવામાં આવ્યાં.

## અલ્લામાં મશરીકી



ખાક્સાર ચળવળ એ લાહોર, પંજાબ, બ્રિટીશ ભારત,૧૯૩૧માં અલ્લામા માશરીકીની દ્વારા સ્થાપવામાં આવ્યું હતુ. જેનો ઉદ્દેશ ભારતને બ્રિટીશ સામ્રાજ્યના શાસનથી મુક્ત કરવાનો અને હિન્દુ-મુસ્લિમ હિત ધરાવતી નવી ભારતની પોતાની સરકાર સ્થાપવાના રૂપે એક સામાજિક ચળવળ હતી. ક્રાંતિની ભાષા અપનાવી, મશરીકીએ લાહોર નજીક તેમના ગામ ઈખરા ગામના અનુયાયીઓને ભરતી કરવાનું શરૂ કર્યું. પ્રારંભિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે આ ચળવળ ૯૦ અનુયાયીઓ સાથે શરૂ થઈ હતી. થોડા અઠવાડિયામાં જ અંદાજીત ૩૦૦ જેટલા સભ્યોને ઉમેરાયા. ૧૯૪૨ સુધીમાં એવું નોંધાયું હતું કે સદસ્યતા ચાર મિલિયન પહોંચી ગઇ જેની તેની સફળતામાં અસાધારણતા હતી. એક સાપ્તાહિક અખબાર તરીકે અલ-ઇલ્લાહ શરૂ કરવામાં આવ્યું હતુ.

મશરીકીને ૧૯ જાન્યુઆરી, ૧૯૪૨ ના રોજ વેલોર જેલમાંથી છોડવામાં આવ્યા, પરંતુ તેમની હિલચાલ પર મદ્રાસ પ્રેસિડેન્સીએ પ્રતિબંધ રાખ્યો હતો. તે ૨૮ ડિસેમ્બર ૧૯૪૨ સુધી ઇન્ટર્ન કરાયા હતા. મશરીકી નવી દિલ્હીમાં ૨ જાન્યુઆરી, ૧૯૪૨ ના રોજ પહોંચ્યા હતા.

અલ્લામાશ્રીએ ૪ જુલાઈ ૧, ૧૯૪૭ ના રોજ ખક્સર તહરીને વિખેરી નાખ્યું કારણ કે નવા મુસ્લિમ રાજ્ય એટલે કે પાકિસ્તાનની આશા પછી તેમણે તમામ પ્રેરણા ગુમાવી દીધી હતી. https://en.wikipedia.rog/wiki/Khaksars

## કર્નલ હબીબુર રહેમાન



### રાજા હબીબુર રહેમાનખાન (૧૯૧૩-૧૯૭૮)

ભારતમાં બ્રિટીશ રાજ દરમિયાન હબીબુર્ર રહેમાન ખાન ઈન્ડીયા નેશનલ આર્મીમાં હતા જ્યાં તેમની સામે બ્રિટીશ રાજ સામે વિદ્રોહ કરવાના આરોપસર જનરલ શાહનવાઝખાન, કર્નલ પ્રેમ કુમાર અને કર્નલ ગુરૂબક્ષસિંહ ઢિલ્લૌન સાથે લાલ કિલ્લામાં ખટલો ચલાવવામાં આવ્યો.

રાજા હબીબુર રહેમાનખાન ઈન્ડીયા અને પાક. યુધ્ધ ૧૯૪૭ માં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ ૧૯૪૩ માં પણ ગેરીલા બટાલીયનના સેકન્ડ કમાન્ડ ચીફ હતા. ૨૫મી ઓક્ટોબર ૧૯૪૪ માં તે સુભાષચંદ્ર બોઝને રંગુનમાં મળ્યા હતા ત્યારબાદ ૨૬ ઓક્ટોબર ૧૯૪૪ના રોજ તેમને કમાન્ડર તરીકે નિયુક્તિ આપવામાં આવી. તેમણે તેમના સાથીઓ સાથે દુશ્મનની સેના સામે શરણાગતી ૧૭ મે ૧૯૪૫ ના રોજ સ્વિકારી અને તેમને રંગુનની જેલમાં મોકલવામાં આવ્યાં.

જ્યારે તેમની સામે લાલ કિલ્લામાં ખટલો ચલાવવામાં આવ્યો ત્યારે બહાર લોકોએ નારો લગાવ્યો ''લાલ કિલ્લે સે આઈ આવાઝ સેહગલ, ઢિલ્લોન, હબીબ, શાહનવાઝ ચારો હક હો ઉમ્ર દરાઝ.'' તેમનું મૃત્યુ ૨૬ ડિસેમ્બર ૧૯૭૮ માં તેમના મુળ ગામ પંજેરી જે પાકિસ્તાનના કબ્જાના કાશ્મીરમાં આવેલું છે ત્યાં થયું અને તેમને ત્યાંજ દફનાવવામાં આવ્યાં. https://en.wikipedia.rog/wiki/Raja_Habib_ur_Rahman_Khan

## અબ્દુલ હબીબ મારફાની



રંગુનના એક મુસ્લીમ ગુજરાતી વેપારી કે જેમણે સુભાષચંદ્ર બોસને આઝાદ હિંદ ફોજ માટે એક કરોડ રૂપિયાનું દાન આપ્યું

તેમનું નામ મેમણ અબ્દુલ હબીબ યુસુફ મારફાની કે જે સૌરાષ્ટ્રના ધોરાજીના વેપારી પરિવારના હતા. આ મેમણ કુંટુંબ રંગુનમાં વસ્યું હતુ. ત્યાં તેઓ ૯મી જૂલાઈ ૧૯૪૪ ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝને મળ્યાં અને આઝાદ હિંદ ફોઝની રચના માટે ૧ કરોડ રૂપિયાનું દાન કર્યું. આભાર વ્યક્ત કરવા માટે નેતાજીએ તેમને સેવક-એ-હિંદ નો ખિતાબ અર્પણ કર્યો હતો.

https://timesofindia.indiatimes.com/city/ahmedabad/Gujarati-Muslim-gave-Rs-1-crroe-to-Netaji/articleshow/14870715.cms

## એમ.એસ.ખાન



રોયલ નેવી દ્વારા બનાવવામાં આવેલ સમિતીના પ્રમુખ કે જેમનો ફાળો પણ ભારત દેશની આઝાદી માટે સમર્પિત છે. @સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો પુસ્તકમાંથી

## કર્નલ નિઝામુદ્દીન



કર્નલ નિઝામુદ્દીનનો જન્મ ઈ.સ. ૧૯૦૧માં આઝમગઢ, ઉત્તરપ્રદેશ રાજ્યના ઢકવાન ગામમાં થયો હતો. ૨૦ વર્ષની વયે તેઓ બ્રિટીશ ફોજમાં જોડાયા હતા. જ્યારે એક વખત હોડીમાં તેઓ ભારતીય કેદીઓને લઈને અંગ્રેજ અમલદારો સાથે આવી રહ્યા હતા ત્યારે અંગ્રેજ અમલદારે આદેશ કર્યો કે હોડીમાં જગ્યા વધારે ન હોય તો ભારતીયો કરતા ગધેડાઓને જગ્યા વધારે આપજો કારણ કે ગધેડાઓ સામાન ઉચકવામાં ઉપયોગી થશે. આ સાંભળી કર્નલ નિઝામુદ્દીને જેતે અંગ્રેજ અમલદારોને ગોળી મારી દીધી. અને ત્યાંથી નીકળી સુભાષચંદ્ર બોઝની સાથે આઝાદ હિંદ ફોજમાં જોડાયા. ૧૯૪૪ માં તેમને નેતાજીની સુરક્ષા કરતા ત્રણ ગોળી પણ વાગી હતી. ૧૧૭ વર્ષની વયે તેમનું મૃત્યુ ૬ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ થયું.

## બીરજીસ ખદીર બહાદુર



વાજીદ અલીશાહ અને બેગમ હઝરત મહાલના પુત્ર કે જેમનો જન્મ ૧૮૪૫ માં થયો હતો.તેમનું મુળ નામ મોહમ્મદ રમઝાનઅલી બહાદુર હતુ. ખુબજ નાની ઉંમરે તેઓએ શાસન સાંભાળ્યુ જેમાં તેમના માતા તેમના માર્ગદર્શક બન્યાં હતાં. અંગ્રેજોને લખનઉમાંથી હાંકી કાઢયા બાદ તેમને અવધના નવાબનું પદ સોંપવામાં આવ્યું. તેમણે માત્ર ૧૦ મહિના શાસન ચલાવ્યુ. રાણી વિક્ટોરીયાએ બહાર પાડેલા પત્રના જવાબમાં બીરજીસ ખદીરે એક પોતાનું જાહેરનામું બહાર પાડ્યુ. ત્યારબાદ અંગ્રેજો સાથે યુધ્ધ થયુ. જેમાં અંગ્રેજોના પક્ષમાં ગોરખા અને શીખ લોકો જોડાયા હતા જ્યારે અવધ અને લખનઉના લોકો તેમજ વડવૈયાઓએ તેમના સારા પ્રયત્નો કર્યા પરંતુ તેઓ જીત્યા નહિં. ત્યારબાદ બેગમ હઝરત મહાલ અને બીરજીસ ખદીર નેપાળ ચાલ્યા ગયા. વાજીદ અલીશાહના મૃત્યુ પછી બેગમ અને બીરજીસને અંગ્રેજોએ તેમને ભાગેડું જાહેર કર્યા. ત્યારબાદ અંગ્રેજોએ કલકત્તામાં વાતચીત માટે આંમત્રીત કર્યા. ૧૩ ઓગષ્ટ ૧૮૯૩ ના રોજ બીરજીસ ખદીર, જમાલ આરા બેગમને જમવાનું આમાંત્રણ આપ્યુ. અંગ્રેજોએ જમવામાં તેમને ઝેર આપી દીધુ અને તેઓ મૃત્યુ પામ્યાં. @ Muslim Freedom Fighter Apps

## હાઝી સરીયતુલ્લાહ



સરીયતુલ્લાહનો જન્મ ૧૭૮૧ માં બંગાળના ફિરદપુર જિલ્લાના તત્કાલિન મદિરીપુરના પેટા જિલ્લાના ગામ શામિલમાં એક નાનો ગૌતમ તાલુકદાર પરિવારમાં થયો હતો. તેમના પિતા, અબ્દુલ જલિલ તાલુકદાર, એક ખેડૂત હતા, શરિયુતલ્લાહની ઉંમર ૮ વર્ષની હતી ત્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા. તેમના પ્રાથમિક શિક્ષણ પછી તેઓ કલકત્તા ગયા અને તેમને બારાસત અલિયા મદ્રાસામાંં દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ તેમણે મુર્શિદાબાદના ફર્ફુરા શરીફના પ્રખ્યાત મદરેસામાંથી શિક્ષણ મેળવ્યું. હાજી શરીયતુલ્લાહ ૧૭૯૯માં અરેબિયામાં જતા રહ્યાં અને તેમણે ૧૮૧૮ સુધી ત્યાં રહી ધાર્મિક શિક્ષણ મેળવ્યું. તેમણે પોતાના શિક્ષક મૌલાના બશારત પાસેથી અરેબિક અને ફારસી શીખ્યા. અરેબિયામાં તેમના રોકાણ

દરમિયાન, તે મુહમ્મદ બિન અબ્દુલ વહાબ દ્વારા શરૂ કરાયેલા તાહિર અલ-સુમ્બાલ મક્કી દ્વારા પ્રભાવિત થયા હતા. ફરાજી ચળવળ બંગાળી મુસ્લિમો દ્વારા સરીયતુલ્લાહની આગેવાનીમાં શરૂ કરવામાં આવેલી એક ચળવળ હતી. ફારાઝી શબ્દનો ઉપેગ ફોર્ડથી કરવામાં આવ્યો છે, જે અલ્લાહ દ્વારા નિયુક્ત ફરજિયાત અને ફરજિયાત ફરજો માટે ઉભા છે. ફારાઝીસ આમ, પુરુષોનું તે ટોળું છે, જેનો માત્ર ઉદ્દેશ્ય આ ફરજિયાત ધાર્મિક ફરજોને અમલ કરવાનું છે. ફારાઝી ચળવળના પ્રમોટર અને આરંભ કરનાર હાજી શરીયતુલ્લાહે આ શબ્દ પર જુદાં જુદાં અર્થમાં પ્રકાશ પાડયો છે. જેનો અર્થ થાય છે કુરાન દ્વારા નિયુક્ત દરેક ધાર્મિક ફરજ અને પયગંબરના સુન્નાહ દ્વારા ફરજોનો આત્મ સાક્ષાત્કાર કરવો. આમ તેઓ ઈસ્લામને કેન્દ્રમાં રાખીને લોકોને પોતાના ફરજો પ્રત્યે જાગૃત કરતા અને તેને સ્વતંત્રતા સાથે જોડતા. https://en.wikipedia.rog/wiki/Haji_Shariatullah

## ચક્કીપરંબન વેરિઅંકનાથુ કુન મોહંમ્મદ હાજી



ચક્કીપરંબન વેરિઅંકનાથુ કુન મોહમ્મદ હાજી મલાબાર પ્રદેશમાં ૧૯૨૧ માં બ્રિટીશ વિરોધી યુદ્ધમાં બહાદુર નેતા હતા. તેઓ ખિલાફત ચળવળની ઊંચાઈએ બ્રિટીશરો સામે લડયા. વેરિઅંકનાથ બહાદુરીથી લડનાર અને શાસક પરફોર્મન્સ હતા. તેઓ ભારતીય ઈતિહાસના ઈતિહાસમાં ભૂલી જવાયા છે, કારણ કે ભારતીય ઈતિહાસકારોએ દર્શાવ્યુ કે તેમના બ્રિટીશ સાથીદારોએ તેમને 'ધાર્મિક કટ્ટર' તરીકે કામમાંથી બરતરફ કર્યા હતા. બ્રિટીશ લશ્કર સામે તેમની તેજસ્વી છાયાને લડતા કે એન એન. પનિકાર જેવા ઈતિહાસકારોએ નોંધ્યા હતા.

ત્યારબાદ એરાનાડુ અને વલ્લુનાડુ તાલુકાના મોટાભાગના ભાગોમાં તેમણે છ મહિના કરતાં વધુ સમય સુધી બ્રિટીશ શાસકોની ખુલ્લી અવજ્ઞામાં સમાંતર સરકાર ચલાવી હતી. તેના અનુયાયીઓ દ્વારા આગેવાની હેઠળના શેડો સંઘર્ષે બ્રિટીશ શાસકોને નારાજ કર્યા હતા. તેમણે ચુસ્તપણે ૭૫,૦૦૦ મજબૂત નેતાઓની સેના ઉભી કરી, બ્રિટીશ શાસનમાંથી મોટા વિસ્તાર પર અંકુશ મેળવ્યો અને મલબારમાં બ્રિટીશની વિરૂદ્ધ સમાંતર સરકારની સ્થાપના કરી, હવે ભારતના રીપબ્લિક ઓફ કેરળ રાજયનો ભાગ, તેમના લાંબા ગાળાના માર્ગદર્શક, મિત્ર અલી મુસ્લિઅર હતા. https://en.wikipedia.rog/wiki/Variyan_Kunnathu_Kunjahammed_Haji

## કર્નલ શૌકતઅલી માલિક



કર્નલ શોકત અલી મલિક ઇન્ડિયન નેશનલ આર્મીના અધિકારી હતા, જે વિશ્વ યુદ્ધ ૨ દરમિયાન ઈએનએ (INA) ઈમ્ફાલ અભિયાનના પ્રારંભિક તબક્કા દરમિયાન મોઆગંગના કબજામાં બહાદુર ગ્રૂપના એકમનું નેતૃત્વ કરવા માટે જાણીતા હતા. Moirang ભારત અંદર પ્રથમ પ્રદેશ આઈએનએ દ્વારા કબજે કરવામાં આવી હતી અને ભારતના મેઈનલેન્ડ અંદર પ્રથમ સ્થાન આઝાદ હિન્દ સરકાર દ્વારા રાખવામાં આવ્યું. (બહાદુર) ગ્રૂપના INA ના કર્નલ મલિક કમાન્ડરએ ૧૪ એપ્રિલ, ૧૯૪૪ ના રોજ આશરે ૫ વાગ્યા દરમિયાન મૂઈરંગ કાંગલાના પવિત્ર સ્થળ પર ભારતીય ત્રિકોણીય રંગની વાઘ (વાવણી સાથે) ઝંડો ફરકાવ્યો હતો અને તેમણે આઝાદ હિન્દનો ઈતિહાસ સંભળાવ્યો હતો. ફૌઝ મલિકને તેના અગ્રણી સૈનિકોને મોઈરંગમાં સરદાર-એ-જંગ નું બિરૂદ આપવામાં આવ્યું હતું. આઈએનએ (INA) માં જોડાતા પહેલા, શૌકત મલિક બરમા થિયેટરમાં (ભાવલપુર) બહવાલપુર રાજ્ય દળોમાં એક અધિકારી તરીકે લડયા હતા. https://en.wikipedia.rog/wiki/Shaukat_Malik

## કેપ્ટન અબ્બાસ અલી



અબ્બાસ અલી (૩ જાન્યુઆરી ૧૯૨૦ - ૧૧ ઓક્ટોબર ૨૦૧૪) એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી હતા, જેઓ સુભાષચંદ્ર બોઝની આગેવાનીમાં ઈન્ડિયન નેશનલ આર્મીમાં કપ્તાન હતા. પાછળથી તેઓ સોશિયાલિસ્ટ ચળવળમાં જોડાયા અને રામ મનોહર લોહિયાના નજીકના સાથી હતા. ૧૯૪૫ માં જ્યારે સુભાષચંદ્ર બોઝે બળવો કર્યો ત્યારે તેમણે બ્રિટીશ લશ્કર છોડી દીધું અને ભારતીય રાષ્ટ્રીય આંદોલન (આઈએનએ) અથવા ''આઝાદ હિન્દુ ફોજ'' માં જોડાયા પરંતુ પાછળથી તેમની ધરપકડ કરવામાં આવી, કોર્ટ-માર્શલ અને મૃત્યુદંડની સજા થઈ. જ્યારે ભારતને ૧૯૪૭ માં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે તેમને ભારત સરકાર દ્વારા છોડવામાં આવ્યા હતાં.

# ટીપુ સુલ્તાન



**જન્મ ૨૦ નવેમ્બર ૧૭૫૦ થી ૪ મે ૧૭૯૯**

જેમને ટીપુ સાહીબ અથવા મૈસુરનો વાઘ પણ કહેવામાં આવે છે. મૈસુર કિંગડમના શાસક હતા અને રોકેટ આર્ટિલરીનો પ્રણેતા હતા. તેમણે તેમના શાસન દરમિયાન અનેક વહીવટી નવીનતાઓ રજૂ કરી. જેમાં નવી સિક્કા સિસ્ટમ અને કેલેન્ડર, અને મૈસુર રેશમ ઉદ્યોગના વિકાસની શરૂઆત કરનારી નવી જમીન મહેસૂલ પદ્ધતિ શામેલ છે. તેમણે મહત્વાકાંક્ષી આર્થિક વિકાસ કાર્યક્રમ પણ શરૂ કર્યો, જેણે મૈસુરને એક મોટી આર્થિક શક્તિ તરીકે સ્થાપિત કર્યુ.

ફ્રેન્ચ કમાન્ડર-ઇન-ચીફ નેપોલિયન બોનાપાર્ટે ટીપુ સુલતાન સાથે જોડાણની માંગ કરી હતી. ટીપુ સુલતાન અને તેના પિતા બંનેએ બ્રિટીશરો સાથેના તેમના સંઘર્ષમાં ફ્રેન્ચ સાથે જોડાણમાં તેમની ફ્રેન્ચ-પ્રશિક્ષિત લશ્કરનો ઉપયોગ કર્યો ૧૭૮૨ માં તેમણે બીજા એંગ્લો-મૈસૂર યુદ્ધમાં બ્રિટીશરો વિરુદ્ધ મહત્વપૂર્ણ જીત મેળવી અને સાથે મેંગ્લોરની ૧૭૮૪ સંધિની વાટાઘાટ કરી. તેમના પિતા બીજા એંગ્લો-મૈસૂર યુદ્ધ દરમિયાન ડિસેમ્બર ૧૭૮૨ માં કેન્સરથી મૃત્યુ પામ્યા પછી તેમને મૈસુરની જવાબદારી સંભાળી.

ટીપુના પાડોશીઓ સાથેના તકરારમાં મરાઠા-મૈસૂર યુદ્ધનો સમાવેશ થતો હતો જે ગજેન્દ્રગઢની સંધિ પર હસ્તાક્ષર સાથે સમાપ્ત થયો હતો. સંધિમાં ટીપુ સુલતાને મરાઠાઓને એક સમયના યુદ્ધ ખર્ચ તરીકે ૮.૮ મિલિયન રૂપિયા ચૂકવવા, અને વાર્ષિક રકમ આપવી જરૂરી હતી. હૈદર અલી દ્વારા કબજે કરાયેલા તમામ વિસ્તારને પરત કરવા ઉપરાંત ૧.૨ મિલિયન રૂપિયા. આટલી માહિતી એ દર્શાવવા માટે પુરતી છે કે મરાઠાઓ હિંદુ ધર્મ સાથે જોડાયેલા હોવા છતા તેઓ અંગ્રેજોની પક્ષમાં રહ્યા ઉપરાંત હૈદરાબાદના નિઝામ પણ અંગ્રેજોની પક્ષમાં રહ્યા જે મુસ્લિમ શાસક હતા.

ટીપુ બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના એક પ્રખર દુશ્મન રહ્યાં હતા. તેમણે બ્રિટિશરોના વિરોધને વધારવા માટે ઓટોમાન સામ્રાજ્ય, અફઘાનિસ્તાન અને ફ્રાન્સ સહિતના વિદેશોમાં દૂતો મોકલ્યા હતા અને ભારતના જૂદા જૂદા રજવાડાઓને પણ આમંત્રણો પાઠવ્યા હતાં. ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાના યથાગ પ્રયત્નો હાથ ધર્યા હતા.

ચોથા એંગ્લો-મૈસૂર યુદ્ધમાં, બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાહી દળોને હૈદરાબાદ અને મરાઠાઓના નિઝામ દ્વારા ટેકો મળ્યો હતો. ઉપરાંત ટીપુના અમુક અંગત લોકોએ દગાખોરી

બતાવી જેથી ટીપુને ચોથા મૈસુર વિગ્રહમાં હાર મળી અને ૪ મે ૧૭૯૯ માં તેમના શ્રીરંગાપટ્ટમના કિલ્લાનો બચાવ કરતી વખતે તે શહિદ બન્યા.

## અલીવર્દી ખાન



અલીવર્દી ખાનનું ૧૦ એપ્રિલ ૧૭૫૬ માં એંસી વર્ષની વયે અવસાન થયું. ઇ.સ ૧૭૬૨માં પ્લાસીનુ યુધ્ધ થયુ જેમાં પોતાના જ અંગત માણસો દ્વારા દગો કરવામાં આવતા સિરાજ ઉદ્દ દૌલા અંગ્રેજો સામે હાર્યા. અહીં થી અંગ્રેજો માટે ભારતની રાજનીતીમાં પ્રવેશવાનો માર્ગ મળ્યો.

## ફિરોઝશાહ ઝફર



- અમે અબુ ઝફર સિરજુદ્દીન બહાદુર શાહ ગાઝીના પૌત્ર ફિરોઝ શાહની પ્રશંસા કરીએ છીએ, કારણ કે એ એવા મુસ્લિમ હતા જેમણે ઘણા હિંદુઓને પ્રેરણા આપી હતી. બહાદુર શાહ-પ્રથમના સીધા વંશજ, ફિરોઝશાહ કેટલાક અનુયાયીઓ સાથે ગ્વાલિયરના રાજ્યના પ્રદેશ મંદસોર પહોંચ્યા. તેઓએ હજૂ હજ પરના વસ્ત્રો પહેર્યા હતા. ૨૬ ઓગસ્ટ ૧૮૫૭ના રોજ તેઓ મંદસોર પહોંચ્યા. અહીં ગ્વાલિયર સૈનિકોની એક ટુકડી હતી. આ મોટે ભાગે હિંદુઓ હતા પરંતુ ઉત્તરપશ્ચિમ પ્રાંતના તત્કાલ ફિરોઝશાહ સાથે જોડાયા અને મંદસોર બળવામાં સૈનિકોની સંખ્યામાં વધારો કર્યો. શાહજાદા ફિરોઝ શાહ બ્રિટીશ શાસન સામે શૂરવીર યુદ્ધ લડયા હતા અને પછીથી ભારતની સ્વતંત્રતા માટે વિશ્વને ટેકો આપવા આહવાન કર્યું. તેઓ મક્કામાં મૃત્યુ પામ્યા હતા. http://www.milligazette.com/news/14289-the-youthful-prince-feroz-shah-who-fought-the-british-valiantly

## સાલેહભાઇ અબ્દુલ કાદર હાફીઝ, બહાદુરખાન, અબ્દુલ હમીદ અન્સારી, આબીદ અલી જાફર



ગાંધીજી અને અબ્બાસ તૈયબજીના સાથીદારો જે વિવિધ ચળવળોમાં તેમની સાથે જોડાયેલા હતા. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## મોહમ્મદ અસલમખાન



(ખુદાઇ ખિદમતગાર નામના ક્રાંતિકારી સંગઠનના સભ્ય) ઉતમનઝાઇ સ્થળ ખાતે જંગી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંગ્રેજોના ગોળીબારમાં ૩૦૦ મુસ્લિમ ખુદાઇ ખિદમતગાર સંગઠનના સભ્યોને શહીદ કરવામાં આવ્યાં હતા. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## કુર્બાન હુસેન



યુથ લીગ નામના સ્વતંત્રતા સંગઠનના મહામંત્રી. આઝાદીની ચળવળોમાં ભાગીદારી બદલ તેમને ૧૨ જાન્યુઆરી ૧૯૩૧ ના દિવસે પુનાની યરવડા જેલમાં ફાંસી આપવામાં આવી. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## મીરઝાં અબ્બાસ સુરતેરી



- વીર સાવરકર દ્વારા ભારતની આઝાદી માટે કહેવાતુ અભિનવ ભારત સંગઠન ચલાવવામાં આવતુ હતુ તેના સભ્ય તરીકે બોમ્બ બનાવવાની તાલીમ મેળવવા માટે પેરીસ ગયા હતા. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## અહમદ હુસેન



- પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેઓ તહસીલદાર તરીકે નીમાયા અને મોટી લશ્કરી ફોજના ટીમ લીડર તરીકે ફરજ બજાવી. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## નઇમુદ્દીન અને અલાઉદ્દીન



- ભારતની આઝાદી માટે તેઓ ક્રાંતિકારીઓ સાથે સાંકળાયેલ રહેતા અને દેશદાઝની પ્રવૃત્તિઓ માટે અંગ્રેજો ઉપર કરવામાં આવતા હુમલાઓ માટે દારૂગોળો કે હથીયારો સાચવતા. @સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો પુસ્તકમાંથી.

## કાલેખાન



- ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝાંસીની રાણી લક્ષ્મી બાઇના તથા લશ્કરના ઘોડાના રખેવાળ તરીકે કામગીરી બજાવી અને લડાઇમાં પણ ભાગ લીધો. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## સૈયદ અલીમુદ્દીન એહમદ



- જે ક્રાંતિકારીઓ અંગ્રેજોની પકડમાંથી કે જેલમાંથી ભાગતા તેમને સાચવવાનું કામ કરતા. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## કેપ્ટન ઇશાન કાદરી



તેઓ ભારતીય નેશનલ આર્મીને વિસર્જન કરવાના યોજના માટે કેપ્ટન મોહનસિંહને રોકવા માટે તેમને મળ્યા. સુભાષચંદ્ર બોઝ દ્વારા જ્યારે ભારતીય રાષ્ટ્રીય લશ્કરને પુનઃસજીવન કરવામાં આવ્યું હતું અને તેના પર કબજો જમાવ્યો, ત્યારે તેમને સુભાષચંદ્ર બોઝ દ્વારા પુનઃનિયુક્ત કરવામાં આવ્યા. તેમને ભારતીય રાષ્ટ્રીય આર્મી માટે ભરતીનો હવાલો સોંપવામાં આવ્યો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝની નેતૃત્વ હેઠળની રચના કરાયેલા આઝાદ હિન્દ સરકારમાં ઈશાન કાદરીને હ્યુમન રિસોર્સિસ ડેવલપમેન્ટના પ્રધાન અને ‘વૉર કાઉન્સિલ’ના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. કાદરી સુભાષચંદ્ર બોઝ સાથે સિંગાપોરથી રંગૂન ગયા હતા. તે એક સારા વ્યૂહરચનાકાર અને આકર્ષક વક્તા પણ હતા. તેમણે ભારતીય રાષ્ટ્રીય સેના માટે નાગરિકો અને યુદ્ધ કેદીઓની ભરતી કરવા અને તેમને

યોદ્ધા તરીકે તાલીમ આપવા માટે સખત મહેનત કરી. તેમણે 'આઝાદ હિન્દ દળ' ની પ્રવૃત્તિઓનું પણ નિમાાણ કર્યું. http://histroy369.blogspot.com/2017/12/ colonel-eshaan-qadri.html

## ઇનાયતુલ્લા ખાન



ઈનાયતુલ્લા ખાન ખાકસાર ચળવળના સક્રિય કાર્યકર હતા. @પુસ્તક સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો

## મૌલાના આઝશહ



- અલ હિલાલ પત્રીકાનાં સંપાદક કે જે પત્રિકા દ્વારા તેમણે લોકોને જાગૃત કરવાનું કામ કરીને લોકોના મનમાં દેશદાઝ જગાડવાનું કામ કર્યું. @પુસ્તક સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસલમાનો

## અમીર હૈદર



અંગ્રેજો વિરૂધ્ધ મેરઠ કાવતરામાં સજા ભોગવનાર ક્રાંતિકારી. @પુસ્તક સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો

## અબ્દુલ મજીદ અલ્લાહબાદ, દરભંગાના અબ્દુલ રહીમ, આઝમગઢના હનીફ, અવાપુરના મોહમ્મદ ઇદ્રીસ, નાગપુરના ઉલમાન શેખ, મોંઘીરના શેખ ધનુક અને અન્ય ૩૧



‘‘હિન્દ છોડો ચળવળ’’ માં શહીદી વહોરનાર કુલ ૩૧ મુસ્લિમ ક્રાંતિકારીઓ. @પુસ્તક સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો

## નાદીરઅલી ખાન



ઈ.સ. ૧૮૫૭ દરમિયાન ચોટનાગપુરમાં દેશની આઝાદી માટે અંગ્રેજો વિરૂધ્ધ બળવો કરનાર અને અંગ્રેજો વચ્ચે મહત્વનું યુધ્ધ થયું હતુ. જેને છત્તરનું યુધ્ધ પણ કહેવામાં આવે છે. આ નિર્ણાયક યુદ્ધ ૨ ફેબ્રુઆરી ૧૮૫૭ ના રોજ ‘ફાંસી તળાવ’ પાસે લડવામાં આવ્યું હતું. આ યુધ્ધ એક કલાક જેટલા સમય માટે ચાલ્યું જેમાં બળવો કરનારા ક્રાંતિકારીઓનો સંપૂર્ણ પરાજય થયો. ૫૬ યુરોપિયન સૈનિકો અને અધિકારીઓ માર્યા ગયા જ્યારે ૧૫૦ ક્રાંતિકારીઓ શહીદ થઈ ગયા. જેમાં એકસાથે ૭૭ ને ખાડામાં દફનાવવામાં આવ્યા. આ લડાઈના બે સુબેદાર જય મંગલ પાંડે અને નાદિર અલી ખાનને આ જ સ્થળે ૪ ઓક્ટોબર ૧૮૫૭ માં મોતની સજા સ્વરૂપે ફાંસીની સજા આપવામાં આવી હતી.

https://chatra.nic.in/histroy/

## રીસાલદાર વલી શાહ



### (સીહોર, મધ્ય પ્રદેશના બળવાના લીડર)

ઐતિહાસિક ગ્રંથો સૂચવે છે કે સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધની શરૂઆત થઈ ત્યારે, ૧૮૫૭ ના પગલે સિહોરમાં પણ ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે અહીં, બળવો ઓગસ્ટ મહિનામાં થયો હતો.

રીસાલદાર વાલી શાહની આગેવાનીમાં સૈનિકોએ આ શહેર પર કબજો કર્યો અને યુનિયન જેકને નીચે લાવ્યો. શાહ સિવાય અન્ય લોકોએ આ હુમલાનું નેતૃત્વ કર્યું હતું તેમાં કોથ હવાલદાર મહાવીર, આરીફ શાહ, રમજુ લાલ હતા. બ્રિટિશ પોલિટિકલ એજન્ટની ઓફિસો કબજામાં લેવામાં આવી.

લગભગ પાંચ મહિના સુધી તે 'કંપની બહાદુર' ને બદલે વહીવટ ચલાવતો 'સિપાહી બહાદુર' હતો. સિહોરમાં બે અલગ અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. નિશાન-એ-મોહમ્મી અને નિશાન-એ-મહાવિરી એમ બે ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા.

બળવોને છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુર શાહ ઝફર તેમજ સૈનિકોના સંપર્કમાં રહેતી રાણી લક્ષ્મી બાઈના આશીર્વાદ મળ્યા. બ્રિટીશ દળો માટે, તે એક મોટો માથાનો દુખાવો હતો. એકમાત્ર આશ્વાસન એ હતું કે ભોપાલની પૂર્વ રજવાડી હજી કંપનીમાં હતી અને આજુબાજુના અન્ય રાજ્યો પણ હતા.

અંતે, એક મોટી ફોજ રવાના કરવામાં આવી હતી અને બળવાખોર સૈનિકોએ અતિશય શિક્સ્ત આપી હતી. જનરલ હ્યુગ રોઝે સૈનિકોને ફાંસી આપવાનો આદેશ આપ્યો. ક્રાંતિકારીઓને પકડવામાં આવ્યા હતા, તેમના હાથ અને પગ બાંધી દેવામાં આવ્યા હતા અને તેઓને ઠંડા કલેજે ગોળીઓ મારવામાં આવી હતી. સ્થાનિકોએ પાછળથી જણાવ્યું કે આસપાસ ખૂબ લોહી હતું જે તે લાંબા સમય સુધી દેખાતું હતું.

સામૂહિક અમલનો દિવસ ૧૪ જાન્યુઆરી, ૧૮૫૮ નો હતો. પહેલા, ૧૪૯ સૈનિકોને ગોળી વાગી. જુદા જુદા સ્થળોએ ડઝનેક સૈનિકો માર્યા ગયા. હાલ સ્થાનિક નિવાસીઓ કે જેઓ શ્રધ્ધાંજલિ આપે છે અને માન આપે છે, બલિદાનને યાદ રાખવાની માટે ભાગ્યે જ કોઈ મોટો પ્રસંગ મનાવવામાં આવતો નથી. સ્વતંત્રતા સેનાની એવા ભાઈ રતનકુમારના પુત્ર ડોક્ટર આલોક ગુપ્તાના મતે આ પ્રસંગને પણ જલીયાવાલા બાગની સાથે સરખાવવામાં આવે છે. રેકોર્ડ મુજબ કુલ ૩૫૮ જેટલા લોકો શહીદ થયા હતા.

http://heritagetimes.in/356-indian-soldiers-were-shot-dead-fro-rebellion-setting-up-parallel-administration-in-mp/#.XDuIsTzkDP8.facebook

# "આઝાદ હિંદ ફોજના સૈનિકો"

આઝાદ હિંદ ફોજ દ્વારા ૧૦૦ કરતા પણ વધારે મુસ્લિમ અધિકારીઓએ પોતાના પ્રાણોની આહુતી ભારતને આઝાદ કરવા માટે આપી છે. જેમાંથી નીચેના નામો આપની જાણકારી માટે જણાવી રહ્યા છીએ.

૧.એ.રમઝાન,
૨. ટી.એમ.અબ્દુલ અઝીઝ,મોહમ્મદ
૩.વીપી અબ્દુલ્લા અને અમીર
૪.લેફ્ટનંટ કર્નલ અઝીજ અહમદ,
૫.એમ ઝેડ કિયાની,
૬.એમ હસન કાદીર,
૭.શાહનવાઝ, કરીમ ગની,
૮.ડી.એમ ખાન,
૯.મેજર આબીદ હુસેન
@પુસ્તક સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો

**મુસ્લિમ ફ્રીડમ ફાઈટર્સ નામની મોબાઈલ એપ્સ દ્વારા નીચેના નામો વિશે માહિતી મળી જે અનુસંધાને આઝાદ હિંદ ફૌજમાં કુલ ૧૭ મુસ્લિમ ક્રાંતિકારીઓની વિગતો મળેલ છે.**

૧. અલ્લામા એમ સૈયદ અબ્દુલ કરીમ ઘાની
૨. મેજર હબીબુર રહેમાન
૩. મેજર જનરલ સાહનવાજ
૪. સૈયદ આબીદ હસન સફરાની
૫. મેજર જનરલ મોહંમદ ઝમાન કીયાની
૬. અકબર શાહ
૭. કર્નલ મહેબુબ અહમદ
૮. મેજર નક્કિ એહમદ ચૌધરી
૯. કર્નલ બુર્હાનુદ્દીન ચિતરાલ
૧૦. મેજર જનરલ અઝીઝ એહમદખાન
૧૧. કર્નલ એહસાન કાદરી
૧૨. કર્નલ શૌકત અલી માલીક
૧૩. કેપ્ટન અબ્બાસ અલી
૧૪. ઈનાયત ખાન કીયાની
૧૫. અબ્દુલ હબીબ યુસુફ મારફાની
૧૬. કર્નલ શેખ નીઝામુદ્દીન
૧૭. શેખ ખદીર મોહ્યુદ્દીન

**સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાનો પુસ્તકમાં આપવામાં આવેલ આ મુસ્લિમ ક્રાંતિકારીઓ કે જેમના વિશે ખાસ વિગતો નોંધવામાં આવેલ નથી કે જેઓ આજે વિસરાઇ ગયેલ છે.**

- વિલાયતઅલી ને ઈનાયત અલી
- નુરૂલ્લા અને મોહમ્મદ તાકી
- યાહ્યાઅલી અને અબદુલ્લા
- મોહમ્મદ ઝાફર
- હુસૈન એહમદ મદની (ઓઝરગુલ)
- જાકીર અલીખાન
- સૈયદ હૈદરરઝાં
- મોહમમદ આબીદ રૂખનુદ્દીન અને નિઝામ પીરઝાદા
- આર.એમ ખાન અને અલીખાન
- અબ્દુલ્લા સોહરવર્દી
- મૌલાના અબ્દુલ બારી
- હકીમ અઝમલખાન
- ડો મુખ્તાર એહમદ અંસારી

- આગાખાન અને અબ્દુલ જબ્બાર
- અબ્દુલ વાહીદ અને ડો. મન્સુરખાન
- શેર મોહમ્મદ અને ડેક્કન મીરઝાં
- રેહલુ એહમદ ખુદાદ
- કાજી સૈયદ સૈફુદ્દીન
- એહમદ કરીમબક્ષ
- ફિરોજબક્ષ, મદની અમીનબક્ષ
- નવાબ અતીફુલ્લા (ઢાકાના નવાબ)
- હવાલદાર રહેમતઅલી
- હફીઝ અહેમદ નીઝામુદ્દીન અને મુજતબાં હુસૈન
- કમાલુદ્દીન મોહ્યુદ્દીન, જમાલુદ્દીન મોહમ્મદખાન
- અલી મોહમ્મદ સીદ્દીકી અને હવાલદાર સુલૈમાન
- અલીમોહમ્મદ ભીમજી
- અબ્દુલ હલીમ ગઝનવી
- લિયાકતહુસૈન
- મોહમ્મદ શફી અને તેના ૧૦ સાથીદારો.
- તબાચકા અલી
- મુબારક અલી
- અમીરૂદ્દીન, અબ્દુલ ગફાર અને અબ્દુલ વહાબ
- નાદીર અલી
- કામસઅલી
- અલાઉદ્દીન દસોધી
- ગુજરાનવાલા મોહ્યુદ્દીન શમ્સુદ્દીન ગુલામ
- જમાલુદ્દીન સિન
- બુખારી અને બેરીસ્ટર ચાંગલાં મઝરૂલ હક્ક

**એવા મુસ્લિમો કે જેમણે ભારત દેશની આઝાદી માટે કોઇને કોઇ રીતે યોગદાન આપ્યું છે જે વિસરી શકાય તેમ નથી.**

- નવાબ સીરાજ ઉદ દૌલા
- મીર કાસીમ અલી ખાન
- હૈદર અલી
- ટીપું સુલ્તાન
- બહાદુરશાહ ઝફર
- સૈયદ મીર નાસીર અલી
- મૌલાના પીર અલીખાન
- શૈખ બીખારી શાહેબ
- મોહમ્મદ બખ્તખાન
- ખાન બહાદુર ખાન
- મોહંમદ શેર અલી
- મીરજા બીરજીસ ખદીર બહાદુર
- અશ્ફાકઉલ્લાખાન
- અલ્લાહ બખ્શ સુમરો
- મોહમ્મદ અબ્દુલ કાદીર
- પ્રોફેસર અબ્દુલ બારી
- શોયબુલ્લાહ ખાન
- સૈયદ નાસીર હસન
- હાઝી સરીયતુલ્લાહ
- મૌલવી અહમદુલ્લાહ ફૈઝાબાદી
- મૌલવી સૈયદ અલ્લાઉદ્દીન
- મૌલાના ઓબેદુલ્લા સિંધી
- મુફ્તી કીરફાયતુલ્લાહ
- મૌલાના હસન એહમદ મદની
- મૌલાના અબ્દુલ કલામ આઝાદ
- સૈયદ અત્તાઉલ્લાહ શાહ બુખારી
- મૌલાના અહમદઅલી લાહોરી
- મુફ્તી મોહમંદ નઈમ લુથીયાન્વી
- મૌલાના અબ્દુલહમીદ ખાન ભસની
- મુન્સી સઈદ મેહમુદ
- મૌલવી ઈલાયદાથા મોઈદુ
- અઝીમુલ્લા ખાન

- રહમતુલ્લાહ મોહમ્મદ સયાની
- મૌલવી અબ્દુલ રસુલ
- સૈયદ આમીર અલી
- મૌલાના મઝરૂલ હક્ક
- સૈયદ અલી ઈમામ
- મીર મીંયા મોહંમદ શફી
- સૈયદ હસન ઈમામ
- તસદુદ એહમદખાન શેરવાની
- ગુલામ હુસેન હીદાયતુલ્લાહ
- મૌલાના દાઉદ શફી
- યુસુફ ઝાફરમેહર અલી
- માલીક મોહમ્મદ યુનુશ
- મોહમ્મદ આસીફ અલી
- નવાબ મોહમ્મદ ઈસ્માઈલખાન
- અબ્દુલ મજીદ ખ્વાજા
- હુસૈન શહીદ સૌહરવર્દી
- ડો. શફીયુદ્દીન કીછલુ
- સૈયદ શાહ મોહિયુદ્દીન કાદરી બીયાબાની
- ડો. સૈયદ મેહમુદ
- ચૌધરી ખાલીકુઝ્ઝમાન
- મૌલાના મઝહર અલી અઝહર
- ફકરૂદ્દીન અલી એહમદ
- મીર અકબર અલીખાન
- મૌલવી મોહમંદ હફીઝ બરકતુલ્લાહ
- મૌલાના મોહંમદઅલી ઝોહર
- સૈયદ બદરૂલ હસન
- મો.અબ્દુલ રહેમાન
- મૌલાના ઝાફરઅલી ખાન
- સૌકત ઉસ્માના
- મૌલાના અબ્દુલ બાસીત
- નવાબ સૈયદ મોહંમદ
- ઉમર શોભાની
- ઈમાસસાહેબ અબ્દુલકાદીર બવાઝીર
- ખીલાફતવાલે હાઝી ઉસ્માન શેખ
- મો.યાકુબ હસન શેઠ
- હાઝી અબ્દુલ્લાહ હારૂન શેઠ
- મોહમ્મદ ઈસ્માઈલ
- મોહમ્મદ ઈસ્માઈલ
- ડો.ખ્વાજા ઈસ્માઈલ અબ્દુલ હમીદ
- મોહંમદ ઘોષ બેગ
- અબ્દુલ લથીર ફારૂકી
- હકીમ અજમલખાન
- ડો.મુખ્તાર એહમદ અન્સારી
- ડો.ખાન અબ્દુલ જબ્બાર ખાન
- ડો.સાદીક અલી
- ગુલામ રસુલખાન (નવાબ ઓફ કુરનુલ)
- મૌલવી લીયાકતઅલી ખાન
- મૌલવી અલી મુસાલીયાર
- નવાબ સર સલીમુલ્લાહ
- આગાસુલતાન મોહંમદશાહ
- ડો.કુંવર મોહંમદ અશરફ
- અલ્લામાં ઈનાયતુલ્લાખાન મસરીકી
- ડો. મગફુરએહમદ અઝાઝી
- ડો. ઝાકીર હુસ્સૈન(પ્રથમ રાષ્ટ્રપતિ)
- ડો.મકદુમ મોહ્યુદ્દીન
- મૌલાના મીન્નાતુલ્લાહ રહેમાની
- ઝૈનુલ આબેદિન એહમદ
- મુન્શી સઈદ મસ્તાન બૈગ
- અલ્લામા મોહંમદ ઈકબાલ
- ડો.ઉમર અલી શાહ
- મૌલાના હસરત મોહાની
- મૌલાના સઈદ એહમદ

- કાકા બાબુ મુઝફ્ફર એહમદ
- ખાઝી નઝરૂલ ઈસ્લામ
- શબ્બીર હસનખાન મલીહાબાદી
- વૈક્કમ મોહંમદ બશીર
- મૌલાના અબ્દુલ કય્યુમખાન
- નવાબ મોહસીનુલ મુલ્ક
- નવાબ વક્કારૂલ મુલ્ક
- નવાબસાહીબઝાદા અબ્દુલ કય્યુમખાન
- મૌલાના શોકત અલી
- બકરઅલી મીરઝા
- ફરીદ મીરઝા
- રફી એહમદ કીદવા
- મૌલાના હબીબુર રહેમાન લુથીયાન્વી
- બટકમીંયા અન્સારી (ગાંધીજીનો જીવ બચાવવા માટે તેમનું ભારત સરકાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ અને આ માટે તેમને જમીન ભેટ આપવામાં આવી હતી.)
- શેખ ગાલીબ સાહેબ
- મોહંમદ ગુલામ મોહ્યુદ્દીન
- અબ્દુલ કય્યુમ અન્સારી
- ફરીદુલ ઝેમા
- ખાન અબ્દુલ ગફ્ફારખાન
- અમીર હૈદરખાન
- મુખીયુદ્દીન ફારૂકી
- અબ્દુલ મજીદ
- અબ્દુલ ગફાર
- શેખ મૌલા સાહેબ
- જસ્ટીસ બદરૂદ્દીન તૈયબજી
- વિલાયતઅલી ને ઈનાયત અલી
- નુરૂલિ અને મોહમ્મદ તાકી
- યાહ્યાઅલી અને અબદુલ્લા
- મોહમ્મદ ઝાફર
- હુસૈન એહમદ મદની (ઓઝરગુલ)
- જાકીર અલીખાન
- મોહમ્મદ આબીદ રૂખનુદ્દીન અને નિઝામ પીરઝાદા
- સૈયદ હૈદરરઝાં
- આર.એમખાન અને અલીખાન
- અબ્દુલ્લા સોહરવર્દી
- મૌલાના અબ્દુલ બારી
- હકીમ અઝમલખાન
- ડો મુખ્તાર એહમદ અંસારી
- આગાખાન અને અબ્દુલ જબ્બાર
- અબ્દુલ વાહીદ અને ડો.મન્સુરખાન
- શેર મોહમ્મદ અને ડેક્કન મીરઝાં
- રેહલુ એહમદ ખુદાદ
- એહમદ કરીમબક્ષ
- ફિરોજબક્ષ, મદની અમીનબક્ષ
- નવાબ અતીફુલ્લા (ઢાકાના નવાબ)
- હવાલદાર રહેમતઅલી
- હફીઝ અહેમદ નીઝામુદ્દીન અને મુજતબાં હુસૈન
- કમાલુદ્દીન મોહ્યુદ્દીન, જમાલુદ્દીન મોહમ્મદખાન
- અલી મોહમ્મદ સીદ્દીકી અને હવાલદાર સુલૈમાન
- અલીમોહમ્મદ ભીમજી
- કાજી સૈયદ સૈફુદ્દીન
- અબ્દુસ હલીમ ગઝનવી
- લિયાકતહુસૈન

- મોહમ્મદ શફી અને તેના ૧૦ સાથીદારો.
- તબાચકા અલી
- મુબારક અલી
- નાદીર અલી
- અમીરૂદ્દીન, અબ્દુલ ગફ્ફાર અને અબ્દુલ વહાબ
- કામસઅલી
- અલાઉદ્દીન દસોધી
- ગુજરાનવાલા મોહ્યુદ્દીન શમ્સુદ્દીન ગુલામ
- જમાલુદ્દીન હસન
- બુખારી અને બેરીસ્ટર ચાંગલાં મઝરૂલ હક્ક

ભારતના ઈતિહાસને દીર્ઘદષ્ટિથી વાંચવામાં કે ચકાસવામાં આવે તો આવા હજારો મુસલમાન લડવૈયાઓ કે ક્રાંતિકારીઓ સમાજની નજર સમક્ષ તરી આવશે કે જેઓને કદાચ જાણી જોઇને ઉપેક્ષીત બનાવી દેવામાં આવ્યાં છે કે વિસરાવી દેવામાં આવ્યાં છે. આ વાત માત્ર મુસલમાનોની નહિ પરંતુ અન્ય એવા દરેક સમાજની છે જે સામાજીક અને આર્થિક રીતે પછાત હોવાથી દબાઇ ગયો છે. દરેક સમાજના લોકોએ ભારતની આઝાદી માટે બલીદાનો આપ્યાં છે. મુસલમાનો વિનાનું ભારત એક અધુરૂં ભારત હશે.

અહીં કેટલાક નામી-અનામી મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની વિગતો આપવાનો પ્રયત્ન કરેલ છે. ઘણાં એવા નામો હશે કે જે હજી પણ આ માહિતીમાં લખવાના રહી ગયેલ હશે. આપને વિનંતી કે જો આવા નામો તમારી પાસે હોય તો તેની વિગતો સાથેની માહિતી અમને આપેલ સરનામે મોકલી આપવા વિનંતી જેથી ભવિષ્યમાં આ પુસ્તકની બીજી આવૃત્તિ બનાવવામાં આવે તો તે માહિતીનો સમાવેશ કરી શકાય.

**સંદર્ભ સાહિત્યઃ-**

- બાજુમાં દર્શાવેલ ફોટામાં દર્શાવેલ પુસ્તકમાં મૂળ મહારાષ્ટ્રના સુપ્રસિધ્ધ સંશોધક ડૉ.ય.દિ ફડકેના પુસ્તક સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાન
- સ્વાતંત્ર્ય આંદોલનમાં મુસલમાન પુસ્તકમાં આપવામાં આવેલ માહિતીની આધારે ગુગલ સર્ચ દ્વારા મેળવેલ માહિતી.
- મુસ્લિમ ફ્રીડમ ફાઇટર્સ નામની એંડ્રોઇડ એપ્લિકેસન દ્વારા મળેલ માહિતી. Fro mroe details of apps data people can call @ Saiyed Nasir Ahmed 9440241727 and ro email @ syednaseerahamed2015@gmail.com





CfD

**Centre For Development**


બીજે માળ, મીસ્ત્રી ચેમ્બર્સ, કામા હોટલ પાસે,
ખાનપુર, અમદાવાદ - ૧
ઈમેલ : cfd.ad28@gmail.com